॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ–ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ હર પળ હરિસ્મરણ ॥

ગોલોકધામમાં એકવાર રાધાજીએ શ્રીકૃષ્ણને પૂછ્યું; 'હે માધવ, કંસ આપના સગા મામા હોવા છતાં આપનાં માતાપિતાને અત્યંત દુઃખ આપતા હતા. નિરંતર આપનું અપમાન કરતા હતા. આપના સંતોની મશ્કરી કરતા હતા આપને મારી નાખવાના પ્રયાસો કરતા હતા, કોઈ ને કોઈને મોકલીને હત્યાના પ્રયત્ન કરતા હતા. છતાં એ મહાપાપીનાં એવાં કયાં પુણ્ય હતાં કે એને આપના હસ્તે ચરમ મોક્ષ પ્રાપ્ત થયો ?'

શ્રીકૃષ્ણે હસીને જવાબ આપ્યો; 'રાધે ! કંસ જે પણ કરતા-વિચારતા એ સર્વ મારી જ બાબતમાં થતું હતું. ક્રોધ હો, દ્વેષ હો, ભય હો, લાલસાના કારણથી હો પણ મારું સ્મરણ એને હર પળ રહેતું હતું.'

જે વ્યક્તિ હર પળ મારું સુમિરન કરશે એને હું મોક્ષ આપીશ જ. ચાહે એ મારો કટ્ટર વિરોધી કેમ ન હો.

તેથી 'શ્રીમદ્ ભાગવત'ના અંતમાં એક શ્લોક આવે છે :

'નામસંકીર્તનં યસ્ય સર્વ પાપ પ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખશમનઃ તં નમામિ હરિ પરમ્ ॥'

અર્થાત્ 'હું એ હરિને પ્રણામ કરું છું જેનું નામસંકીર્તન બધાં પાપોને સમાપ્ત કરે છે. જેને પ્રણામ કરવા માત્રથી સર્વ દુઃખોનો નાશ થઈ જાય છે.'

**—એક પ્રેરક કથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥   ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા
## ॥ પરમ પ્રેમમયી 'મા'નો પુનિત પ્રાગટ્યદિન ॥
## (૧૩ નવેમ્બર, ૨૦૨૨)



"આખા 'વિશ્વનું ભાગ્ય' આપ જેવા સંતોને આધીન છે. તેથી હે મા ! અમારી સર્વની પ્રાર્થના છે કે, આપ અમારાં બધાંનાં 'આયુષ્યનાં વર્ષો' ઉપહારરૂપે સ્વીકારી, 'વિશ્વમાંગલ્યકાજ' આ પૃથ્વીપટ પર 'દીર્ઘાતિ દીર્ઘ કાળ' રહી; અમને અનુગ્રહિત કરશોજી."



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી'મા' સર્વેશ્વરીસ્તોત્ર | શ્રી સુશીલાબેન ભક્ત | ૭ |
| ૨. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૮ |
| ૩. શ્રીહરિની શબ્દયાત્રા | " | ૧૧ |
| ૪. શ્રી ગંગાલહરી : ભાવાનુવાદ | શ્રી ઈશ્વરભાઈ ભક્ત | ૧૭ |
| ૫. ગંગામૈયાની ચિન્મયતા | સંપાદન | ૨૮ |
| ૬. 'મા' સર્વેશ્વરીનું ભગવતીસ્વરૂપ | શ્રી પરમાર્થી | ૩૩ |
| ૭. પિતાજીનો પ્રેરક પત્ર | શ્રી 'મા' સર્વેશ્વરી | ૪૦ |
| ૮. પિતાજીનું પુણ્યસ્મરણ | શ્રી 'મા' સર્વેશ્વરી | ૪૩ |
| ૯. કર્પૂરવનમાં 'રામચરિતમાનસ' પારાયણ | શ્રી હરેન્દ્ર પાઠક | ૪૭ |
| ૧૦. સ્વર્ગારોહણમાં 'રામચરિતમાનસ' પારાયણ | ડૉ. અરુણા ઠાકર | ૫૨ |

## નિવેદન : અમીટ શ્રદ્ધાનું અસીમ આકાશ એટલે આપણાં 'મા'

ઈ.સ.૧૯૪૩ની નવેમ્બરની ૧૩મી તારીખે શ્રીકાલીદાસભાઈ-શ્રીભીખીબાને ઘરઆંગણે કર્પૂરવનમાં પ્રગટેલા કન્યારત્નના પાર્થિવ દેહમાં 'કોઈ પરમ શક્તિએ પ્રવેશ કરીને' પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. અને આજે એ 'મા' સર્વેશ્વરીના 'પ્રસાદીરૂપ જીવનનો' ૮૦મા વર્ષમાં ભવ્ય મંગલ પ્રવેશ ! આ ઘટના 'સમગ્ર અધ્યાત્મવિશ્વનો એક એવો અણમોલ અવસર' છે કે, એને વધાવવા કોટિ કોટિ પ્રણામો પણ ઓછા પડે.

આવો, ઉઘાડી આંખના પૂ.શ્રી'મા'નાં આ સત્યનાં દર્શનથી કૃતાર્થ બનીએ. તેઓશ્રીનો મહિમા તેમનાં શબ્દોથી જ જાણી લઈએ : 'કલ્પવૃક્ષ છે કેવું મજાનું, શ્યામ સખાએ બનાવેલું
છાયામાં એની કોક પ્રવેશતું, મનગમતું દઈ દેતું.'

કંઈ કેટલાય જન્મોના પુણ્યબળે પૂ.શ્રી'મા' જેવાં સમર્થ સંત આપણને મળી ગયાં છે તો એમનો ચૈતન્યસંસ્પર્શ આઠે પ્રહર અનુભવીએ. એ સર્વત્ર છે એવી સભાનતા સાથે જીવીએ. 'સ્વર્ગારોહણ' જઈ એમનાં દર્શન કરી લઈએ. ત્યાં ન જઈ શકીએ તો એ બાજુમાં જ બેઠાં છે, એવી પ્રતીતિ કરી લઈએ. હર પળ, હર શબ્દમાં એ મોજૂદ છે પછી કોઈ ડર, ચિંતા કે ભયનું કારણ ? તેઓશ્રી બધા જ પ્રકારની નકારાત્મકતા નષ્ટ કરી દે છે.

હવે આપણે ચાહીને પણ અન્યથા નહિ વર્તી શકીએ. સત્ય, ન્યાય, નીતિ, ધર્મ એમની સંનિધિમાં તો છે જ; એમના સિવાય પણ છે. એ સાથે છે. નિરંતર છે. આપણાં વલણો, જિંદગી જીવવાની રીત, સંસારને જોવાની પદ્ધતિ બધું એમનાથી બદલાઈ જાય છે. ચોવીસે કલાક એ સાથે ને સાથે જ છે. આપણી પ્રત્યેક ક્ષણ એમની શાશ્વતીથી મહેકતી થઈ જાય છે.

આપણા હાડપિંજરમાં જલી રહેલા ચૈતન્યદીપથી સદા એ આપણને અવગત રાખે છે. કાન દઈને સાંભળીએ તો ગુરુકૃપાનું મંગલ ગાન એમના થકી સતત સંભળાયા કરે છે. કર્તાભાવ



ત્યજી, બધાંને સાથે લઈ, બધાં સાથે હૃદયસંવાદ રચવા કહે છે. પછી સંઘર્ષ શા માટે ? ઉધામા શા કાજ ? સરળ, સહજ વિનમ્ર બની, પ્રાપ્ત કર્મ પૂરી નિષ્ઠાથી કરીએ. સ્વકેન્દ્રી મટી, સમગ્ર સાથે અનુસંધિત બનીએ પછી અવિશ્વાસ કયાં ?

પૂ.શ્રી'મા'એ બહુ હળવેથી સમજાવી દીધું છે કે; 'ન દુનિયામાં મરજીથી આવ્યા. ન મરજીથી જવાના. બધું અહીં થયા કરે છે; કોઈ અદૃષ્ટની આજ્ઞાથી ! જેણે જન્મ આપ્યો, જીવન આપ્યું. ધરતી, આકાશ, સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષ, ફૂલ-ફળ, સંગીત, પ્રેમ...કેટકેટલું ધર્યું છે ! એ માટે ધન્યતા અનુભવી, કૃતજ્ઞ રહ્યા સિવાય બીજું આપણે કરવાનું પણ શું છે ? ક્ષણભંગુર ભૌતિક પદાર્થો પાછળની દોટ છોડીને સહજ શાંતિ અને આનંદના પરિમાણમાં જે પ્રતિષ્ઠિત થઈ જશે એને પ્રભુપ્રેમનું રહસ્ય સમજતાં વાર નહિ લાગે.'

પૂ.શ્રી'મા'એ પોતાના અસ્તિત્વ દ્વારા સિદ્ધ કરી આપ્યું છે કે, પોકાર પૂર્ણ હોય, પ્રાર્થના સમગ્રભાવે હોય તો પરમાત્મા સ્વયં આવે છે. એ આપણને ખોજી રહ્યો હોય છે. આપણી પ્રતીક્ષા, પ્યાસ, આરતમાં આપણું કણ કણ સળગી જશે, સમર્પણ નિઃશેષ થશે ત્યારે આપણે સ્વયં પ્રભુરૂપ થઈ જઈશું. આપણો અહંકાર સંપૂર્ણ ઓગળી જશે ત્યારે પરમાત્માપ્રાપ્તિની જ્યોત ઝળહળી ઊઠશે.

પછી પ્રેમ ચાલવા માટેનો કોઈ રસ્તો નહિ રહે, એ આપણને 'આપણા અસલ મુકામે' પહોંચાડીને જ જંપશે.

આમ, આપણા અસ્તિત્વને પ્રેમ-કરુણાથી પ્રક્ષાલિત કરી, આપણા કલ્યાણ માટે આપણાથી ય વધારે આતુર, આપણને આપણા કરતાં ય વધુ ચાહનાર પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીના 'પુનિત પ્રાગટ્યદિન'ને આવકારવા 'મા' શારદાના અનંત ભંડારો પણ અસમર્થ બને. આપણે તો આ સર્વશક્તિમાન 'મા'નાં શ્રીચરણકમળને પુનઃ પુનઃ વંદી, મૌનભાવે નત્ મસ્તકે સ્થિર થઈ જઈ, વિરમીએ. અસ્તુ.

## ॥ શ્રી ‘મા’ સર્વેશ્વરીસ્તોત્ર ॥

કર્પૂરવને ‘મા’ દેવી સર્વેશ્વરી !
સૂર્યપૂર્યામ્ ‘મા’ જ્ઞાન વિભામયી...
દેવપ્રયાગે ‘મા’ સુરસરિશીતલા,
પુણ્યસલિલા પાપવિનાશિની.
યાત્રાપથે ‘મા’ પ્રભુપથગામિની (૨)
સત્યપથે ભવતારિણી ‘મા’...કર્પૂરવને
સ્વર્ગારોહણે મહિમાવંતી,
પૃથ્વીપટે પરમેશ્વરી ‘મા’.
સાન્નિધ્યે ‘મા’ સદા સુહાસિની (૨)
વિશ્વપટે વરદાયિની ‘મા’...કર્પૂરવને
લલિત કલામયી કોકિલકંઠી,
મધુરિણી ‘મા’ રસવંતી.
શિશુમંડલે ‘મા’ સદા પ્રસન્ના (૨)
દર્શિની કરુણેશ્વરી કૃપાલિની...કર્પૂરવને
નિત્ય સ્મરામિ મંગલકારિણી,
મમ મસ્તક નત તવ પદકમલિની.
હે ! ‘મા’ સદા ક્ષતિ ક્ષમેશ્વરી (૨)
વંદિની વિશ્વવિભૂષિણી ‘મા’...કર્પૂરવને
કાલવિનાશિની દુર્ગતિનાશિની,
વિઘ્નવિનાશિની મોક્ષપ્રદાયિની.
શતાયુ ભવ હે ! ‘મા’ કલ્યાણિની (૨)
પ્રાર્થયતિ તવ ભગિની સુશીલિની...કર્પૂરવને

**–શ્રી સુશીલાબેન ભક્ત**

**(રાગ : જયદેવી, જયદેવી જય જય)**



## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૦૭**

**તા. ૩-૩-૮૩, બુધવાર, ફાગણ વદ ચોથ સં. ૨૦૩૯**

**ડરબનથી જોહાનિસબર્ગથી ક્રુગર નેશનલ પાર્ક સ્કુકુઝા કૅમ્પ**

ક્રુગર નેશનલ પાર્ક લગભગ પાંચસો કિલોમીટર લાંબો છે. આખુંયે જંગલ છે. કુદરતને ખોળે સિંહ, દીપડા, હાથી, હીપોપોટેમસ, મગર જેવાં અનેક પશુપ્રાણીઓ વસે છે.

જંગલમાં પાકા રસ્તા બનાવ્યા છે. ગાડીની ઝડપ ૬૦ કિલોમીટરથી વધારે ન રખાય. જંગલમાં જ ઊંચી વાડ કરીને વિશાળ કમ્પાઉન્ડ બનાવેલું હોય. આવનારાંને ઊતરવા માટેની નાની મોટી કુટિયા હોય, દુકાન, પેટ્રોલપંપ હોય. તે કમ્પાઉન્ડનો મુખ્ય દરવાજો સવારે પાંચ ને ત્રીસે ઊઘડે ત્યારે જ બહાર જંગલમાં જોવા જઈ શકાય. સાંજે છ વાગ્યે ફરીથી અંદર આવી જવાનું ફરજિયાત હોય છે. છ વાગ્યા પછી મોડા આવનારે દંડ ભરવાનો રહે છે.

ક્રુગર નેશનલ પાર્કનો આ પ્રથમ કૅમ્પ છે. આ વિભાગમાં મોટે ભાગે સિંહ જોવા મળે એવું જાણવા મળ્યું.

સવારે સાત પછી અમે જંગલમાં ગાડીમાં જ જઈએ છીએ. માર્ગમાં કૅમ્પ ક્યાં ને કેટલા માઈલ ઉપર છે તેની નિશાનીવાળા મોટા પથ્થરો જોવા મળે છે.

શરૂઆતમાં જ, એક રોડ ઉપર અમે નીકળ્યા ત્યાં જ, એક-બે ગાડી ઊભી હતી. અમે નજીક પહોંચ્યાં તો રોડની ડાબી બાજુએ થોડે અંતરે ત્રણ-ચાર સિંહ બેઠેલા જોવા મળ્યા. પૂ.શ્રીને દૂરબીનમાં જોવામાં સહેજ વાર લાગી. થોડી મથામણને અંતે

પૂ.શ્રી દૂરબીનથી જોવામાં સફળ થયા. દૂરબીનથી તેમને તદ્દન નજીકમાં જ જોઈ શકાયા.

પૂ.શ્રીને દૂરબીનથી જોવા વિનંતિ કરવામાં આવી ત્યારે પૂ.શ્રીને એ વાત ન ગમી. તેઓ કહેવા લાગ્યાઃ અમે તો જગદંબાની આંખ જોઈ છે. એનાં દર્શન કર્યા છે. તમને જેટલો જોવાનો શોખ છે એટલો મને નથી.

દૂરબીનમાંથી જોતાં જોતાં પૂ.શ્રી સિંહને ઉદ્દેશીને કહેવા લાગ્યાઃ આ યોનિમાંથી છૂટી જાઓ, પાણી પીઓ ને કંદમૂળ ખાઓ. અહિંસક બનો.

એક સિંહ પૂ.શ્રી તરફ જોવા લાગ્યો. એટલે પૂ.શ્રી કહેઃ જોયા, હા, જોયા તમને હોં!

ઘણાં ચાર-પાંચ દિવસ આ પાર્કમાં રહે છતાં ઘણીવાર એક પણ સિંહ જોવા ન મળે. એ વાત સાંભળી પૂ.શ્રી કહેઃ આજે તો સવારમાં જ આપણે સિંહોને જોયા. સિંહો પણ જાણે જ ને કે ઠેઠ હિમાલયથી અમે આવ્યા છીએ. એટલે તેઓ તો આપણી વાટ જોઈને જ બેઠેલા, કે મહાત્મા ક્યારે આવે ને દર્શન કરીએ.

માર્ગમાં જિરાફ ને હરણાં પણ જોવા મળ્યાં.

બે-ત્રણ કલાક પછી થોડા વિશ્રામ માટે કૅમ્પમાં ગયાં, તો પૂ.શ્રી ગાડીમાંથી ઊતરીને સહજભાવે કહેવા લાગ્યાઃ ક્યાં જન્મ્યા, ક્યાં સાધના કરી, ને ક્યાં ફરીએ છીએ !

માર્ગમાં પશુપ્રાણીઓને જોતા જોતા પૂ.શ્રી કહેઃ માનવજીવન શ્રેષ્ઠ છે. આ લોકોના પ્રમાણમાં આપણને કેટલી બધી આઝાદી મળી છે ?

ફરી ફરીને અમે સ્કુકુઝાના અમારા ઉતારા ઉપર બપોરે સાડા બાર વાગ્યે આવી ગયાં.



એક વાગ્યા પછી ખીચડી-શાક બનાવ્યાં. આજે પૂ.શ્રીએ સૌને પ્રેમથી પીરસ્યું. સૌને જમાડયા પછી પોતે જમવા બેઠા.

શ્રી મગનભાઈ પોતાને ખૂબ ભાગ્યશાળી માનતા હતા. તેઓ કહેવા લાગ્યાઃ આજે તો પ્રભુના હાથનો પ્રસાદ ખાવાનો મળ્યો. હવે બીજું શું જોઈએ ?

એમ તો ગઈ કાલે પણ પૂ.શ્રીએ જ સૌને અલ્પાહાર પીરસ્યો હતો.

ભોજન બાદ થોડો આરામ કર્યો. સાંજે ફરીથી પોણા પાંચથી પોણા છ ગાડીમાં ફરવા ગયાં. પૂ.શ્રીની સાંજે ફરવાની બહુ ઈચ્છા ન હતી.

બે સિંહ રસ્તા ઉપર સૂતેલા જોયા. તેઓ વૃદ્ધ થયેલા હતા. જાતે શિકાર કરવાને અશક્તિમાન લાગતા હતા. થોડીવાર ત્યાં ઊભા રહીને ફરીથી ઉતારા ઉપર આવી ગયાં.

અહીં આ કૅમ્પમાં રાત્રે આઠ વાગ્યે ખુલ્લામાં ફિલ્મ બતાવવામાં આવે છે તે જાણ્યું.

છ થી સાત સુધીમાં પ્રાર્થના, ધ્યાન વગેરે થયું. સાડા સાતે કેરી, ફળ-દૂધ લીધાં. આઠ વાગ્યે પૂ.શ્રીએ આરામ કર્યો. અમે ત્રણ કૅમ્પના ચોગાનમાં ફિલ્મ જોવા ગયાં.

સખત ઠંડા પવન ને વીજળીના ચમકારા વચ્ચે ફિલ્મ શરૂ થઈ, જેમાં પાર્કના પ્રાણીઓને ડૉકટરી સારવાર કેવી રીતે આપવામાં આવે છે તે જોવા મળ્યું. થોડાં બીજાં પ્રાણીઓ પણ તેમાં જોવા મળ્યાં. ત્યાં તો વરસાદ શરૂ થયો. વીજળી-પ્રવાહ ખોરવાતાં ફિલ્મ બંધ થઈ ગઈ. સૌ ઘરભેગાં થઈ ગયાં.

એક કલાકમાં વીજળી આવી ગઈ.

હરિઃ ૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ શ્રીહરિની શબ્દયાત્રા ॥

દરેક પ્રભાત જાણે પ્રસાદ બનીને 'મા'ની સામે પધારે છે. એ પ્રસાદની વિવિધ વિષય વાનગી આ જીવનને પુષ્ટ કરતી રહે છે.

આજે શીર્ષાસન, ૨૭૫ પ્રણામ, અરે ! બીજા વધારાના પણ ૨૭૫ પ્રણામ થાય છે. મંત્રજપ પણ શ્રી હરિ કરાવતા રહે છે.

એવું સ્મરણ પણ નથી રહેતું કે આ વિદેશ છે. સર્વત્ર જાણે શ્રી હરિના જ દેશમાં જીવવાનું. રમાડે તે રમીને જીતવાનું કાર્ય સતત ચાલ્યા કરે છે.

આંખ ઉઘડતાં જ પ્રથમ વિચાર પ્રણામનો, મંત્રજપનો અને પછી જો કોઈ ભક્તવિશેષની માંદગી હોય તો તેનું સ્મરણ પ્રારંભ પામે.

સ્નાન પછી તરત જ સૌથી પહેલું કામ શીર્ષાસનનું થાય છે. પછી ૨૭૫ પ્રણામ. શીર્ષાસન સમયે દર્શન દઈ સમાવી લે પ્રાર્થના થતી રહે છે.

આજે વળી પાછી બેન શીપ્રા મા પાસે હાજર થઈ છે. અર્પિતા પણ આવી છે.

અર્પિતાએ ત્રણ ચાર વર્ષ પહેલાં મુંબઈના એક વૈદ્યરાજની વાત માને કરી હતી. અર્પિતા કહે હે મા, તમે ડૉક્ટરી વિજ્ઞાન કરતાં આયુર્વેદમાં જો શ્રદ્ધા રાખતા હો તો મારી ઈચ્છા છે તમે એક અમારા જાણીતા વૈદ્યરાજ છે તેમને મળો.

સારું, 'મા' મુંબઈ જાય ત્યારે મળીશું.

પણ આજે ફરી એ વાત તાજી થઈ. એ વૈદ્યરાજ અહીં ન્યૂજર્સી આવ્યા છે. અમે એમને થોડાક દિવસ પહેલાં જ મળ્યા. એ વૈદ્યરાજ ૮૨ વરસના છે. એમને અહીં આપની પાસે લઈ આવું.



સારું. અને આજે અર્પિતા તેમને 'મા' પાસે લાવે છે. અર્પિતાએ માત્ર બે જ વાક્યમાં 'મા'નો પરિચય આપ્યો છે. મારા ગુરુ છે અને તેઓ ફળદૂધ ઉપર જ રહે છે. એમના આરોગ્ય અંગે તમે નાડીપરીક્ષા કરી કંઈક અમને સમજ આપો.

આજે તેઓ 'મા'ને મળે છે. મળતાં જ એ વૃદ્ધ વૈદ્યરાજે હાથ જોડી શ્લોક સાથે આદર વ્યક્ત કર્યો છે.

યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતાઃ
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ

અને બેઠા છે. ખાદીનાં વસ્ત્રો છે, આંખો તેજસ્વી છે. ૮૨ના હોય તેવું લાગતું નથી. ૫૫-૬૦ના હોય એવું આરોગ્યથી ઊભરાતું, યૌવન માણતું એમનું બહારનું ક્લેવર લાગે છે.

બેસતાંની સાથે એમની વાણી જાણે આ સ્થળના વાતાવરણને માણતી માણતી કોઈકનું માધ્યમ બનીને વહેવા માંડી છે.

આ ૮૨ વર્ષના વેદરાજે જાણે અહીં કોઈ ધર્મપુરુષ, સાધક અને કોઈકના વાહક બનીને જ વાગ્ધારા વહાવી છે તે અદ્‌ભુત છે.

એ વાગ્ધારાના અંશ આ રહ્યા :

પૂ.શ્રીના સ્વરૂપ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતા કહેવા લાગ્યા :

વૈદરાજ : ''આ હિમાલયના સિદ્ધયોગી—અરે વિશ્વના યોગી શિવ. માતૃભક્ત યોગી.

આ આનંદધામ છે. આ ચેતનનગરીની ચેતનામાં હું ખોવાઈ રહ્યો છું.''

હવે 'મા' પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહે છે :

''આ...આ તો સાક્ષાત દુર્ગા છે. ચેતનમયી, જ્ઞાનમયી છે, આ શરીર તપશ્ચર્યાથી ભરેલું છે. આ તમારી ચેતનાના વમળમાં હું ખોવાઈ ગયો છું.''

બસ આનંદ છે. મસ્તી છે. આ જગદજનની છે. એના ખોળામાં હું રમી રહ્યો છું.

આ અલકનંદા છે. આ ભાગીરથી છે. આ દેવપ્રયાગનો સંગમ છે. એ દેવપ્રયાગના ઘુઘવાટનો હું અવાજ છું.

આ દિવ્યનાડીના સ્રોતો છે. એમાં હું શું નાડી જોઉં ?

એ તો સુષુમ્ણા નાડીમાંથી ડીવાઈન એનર્જી લે છે. હું વળી કઈ નાડી પકડું ? કયું નાડું પકડું ? કયું વૈદુ કરું ?

એ તો અહીં બેઠા બેઠા બીજી જગ્યાએ પહોંચી જાય છે. ત્રીજી જગ્યાએ પહોંચી જાય છે. હું એમને પકડવા ક્યાં જાઉં ?

આ તો ડીવાઈન ઈન્સ્ટ્રુમેન્ટ છે. યુનિવર્સલ એનર્જીનું આ તો ઈન્સ્ટ્રુમેન્ટ છે. આ મહાન ચેતનાનો સ્પર્શ અધિકાર વિના ના થઈ શકે. આજ્ઞા વિના નાડી ના જોવાય.

આ તો સાક્ષાત દુર્ગા છે. આ (પૂ.શ્રી) શિવ છે.

આ વાગ્ધારામાં વચ્ચે વચ્ચે સહજ વિશ્રામ લે છે. જાણે કોઈક એમને અટકાવતું હશે એવું લાગે છે.

આ વાગ્ધારા અંતરના ઊંડાણમાંથી આવી રહી છે. પોતે કોઈ પ્રવાહમાં ખેંચાતા હોય, તરતા હોય એવું સાંભળનારા દરેકને પણ લાગે છે.

થોડીક વાર શાંત થઈ જાય ને પાછું વાણીનું તંત્ર કાર્યરત થાય.

વૈદરાજ : ''આ તો રમતા જોગી છે. દિવ્ય ગતિ છે. દિવ્ય મસ્તી છે. આજે તો મારે માટે મહાન પર્વ છે. આજે ખૂબ આનંદ છે. આ ચેતનામાં હું પણ વહી રહ્યો છું. શું બોલું ? આપણે છેક નાનાં છીએ.

અંતર મમ વિકસિત કરો, અંતરતર હે. સૌની શ્વાસ-પ્રશ્વાસની શક્તિ જુદી જુદી હોય છે.



કેટલાક મેલા શરીર, કેટલાક શુદ્ધ શરીર ને આ તો પ્રજ્ઞાશક્તિ છે. શું જોઉં ?''

મા : આ શરીરના સાધનને સ્વસ્થ રાખવા આપ જેવાની સહાય જરૂરી છે. અર્પિતાની ઇચ્છા પણ પૂરી કરવી પડે. નાડી જોઈને જે આરોગ્ય વિશે કહેવું હોય તે કહો.

વૈદરાજ : બ્રહ્મનું તંત્ર અને યુનિવર્સલની શક્તિ જ્યાં મળે ત્યાં શું થઈ શકે ? આ તો વિશ્વાનલ છે.

એક જ દે ચિનગારી,<br>મહાનલ એક જ દે ચિનગારી.

તમારી ચેતનાના વમળમાં હું ખોવાઈ ગયો છું. ૧૧ વર્ષની ઉંમરથી જ તમે જાગ્રત છો. ૨૧ વર્ષની ઉંમરથી હોરમોનીક ઊર્જા દૈવી ઊર્જામાં પલટાઈ ગઈ છે. ૨૧ વર્ષથી યોગીઓ ઋષિઓએ જ ઘડી છે.

મા : તમે હિમાલયમાં કેટલું રહ્યા ? ત્યાં કોઈ અનુભવ થયા હોય તો તે અમને સંભળાવો.

આ પ્રશ્નના જવાબમાં લગભગ ૭, ૮ અનુભવો તેઓ કહી શક્યા. (જે વીડીયોમાં છે.)

ચાલો હવે આજ્ઞા આપો. જવાનું ગમતું તો નથી. આ દિવ્યધામમાં આનંદની મસ્તીમાં વહી રહ્યો છું.

આ હું નથી બોલતો. કોઈક બોલાવી રહ્યું છે. હું તો સાક્ષીભાવે છું.

શ્રી વૈદરાજ એવું બોલતા બોલતા હાથ જોડી ઊભા થયા છે. 'મા' એ લખ્યું : પણ આ નાડીનું શું ?

શ્રી વૈદરાજ : મહાન ચેતનાને સ્પર્શ કરવો એ ગુનો છે. આજ્ઞા વિના ના થાય. મારે હાથ-પગ ધોવા પડે. ધ્યાનમાં બેસવું

પડે. ગુરુની આજ્ઞા ને તમારી ઈચ્છા હોય તો જ.

મા : એટલા માટે જ તો અર્પિતા તમને લાવી છે, કે 'મા'ની નાડી જુઓ. અને માતાની નાડી બાળક તો જોઈ જ શકે ને.

છેવટે શ્રી વૈદરાજ તૈયાર થયા છે.

કહે : તમારી પગની આંટી છોડી દો. અને ડાબા હાથની નાડી જોવા દો.

'મા' પોતાનો ડાબો હાથ ધરે છે.

વૈદ્યરાજ માત્ર ૫ સેકન્ડ નાડી હાથમાં લે છે. તરત જ હાથ છોડી દે છે. અને પાછી પેલી વાગ્ધારા સહજ રીતે પ્રારંભ પામી.

"આ શરીર નથી આ તો મંદિર છે. અહીં તો નાદબ્રહ્મના ઘંટા વાગી રહ્યા છે. આરતીઓ સંભળાઈ રહી છે.

હું જ ખોવાઈ રહ્યો છું. અહીં સુષુમ્ણા નાડી મંદિર બની ગયું છે. બ્રહ્માનંદનું આ શરીર છે."

* * *

અને નાડી છોડી દીધી છે. ઊભા થઈ ગયા છે. હાથ જોડે છે. "આજ્ઞા આપો, આજે આનંદ આનંદ આજનું આ મહાપર્વ આ દિવ્ય ધામ."

અને વિદાય થાય છે વૈદ્યરાજ. નીચે પણ એવા પ્રશ્નો પૂછાયા તો એમણે ઉત્તરમાં એવી જ કંઈક વાતો કરી છે.

"'મા'ના રોમરોમમાં ચેતનમૂર્તિ છે. આ દૃષ્ટિથી જોઈએ તો તપોભૂમિમાંથી ઉતરી આવેલી અપ્સરા લોકોના કલ્યાણ માટે જીવે છે. શિસ્ત રાખી એના અણુ-પરમાણુમાં સ્નાન કરો. એ અણુ-પરમાણુમાં એ પોતે નથી. દૈવીશક્તિનું અવતરણ છે."

ગાયત્રીની સાધનાથી હું પ્રજ્ઞાશક્તિથી બોલું છું. હું પણ શ્રોતા છું. હું બોલું છું પણ હું શ્રોતા પણ છું. એમની સામે બોલવાની



કોઈ હેસિયત નથી. આ સાક્ષાત દિવ્ય મૂર્તિ છે. એમનો જેટલો લાભ લેવાય એટલો લેવાનો છે. એ દેવી જ છે. સાક્ષાત જ છે. એનું તપોબળ કોણ માપી શકે ? ચૈતન્યમય કોશમાં મારો કોઈ ક્લાસ જ નથી.

* * *

આ વૈધરાજના હૈયે શ્રી હરિના જ કોઈ દેવદૂત જાણે કામચલાઉ વસી ગયા અને જગાડવાનું એક યજ્ઞકાર્ય કરી ગયા. જીવનમાં પહેલી જ વાર મળે છે.

એમની સાધનાત્મક અનુભૂતિથી ખ્યાલ આવ્યો કે એ માત્ર વૈધરાજ જ નથી. પણ જે વાણીનો પ્રવાહ વહ્યો તે એમના અંતરના ઊંડાણમાંથી આવી રહ્યો હતો.

જાણે એ દેવદૂતનું માધ્યમ અને દેવવાણીનું શ્રવણ કરાવવા જ અહીં આજે 'મા' પાસે શ્રીહરિએ જ પસંદ કરી મોકલ્યા લાગે છે.

આવ્યા, બેઠા, જે કહેવાનું હતું તે કહી દીધું. જાણે કહ્યા વિના રહી જ ના શક્યા. અને કાર્ય પૂર્ણ થતાં એક સેકન્ડ પણ ના બેઠા. ઊભા થયા ને અનાસક્ત પુરુષની જેમ વિદાય પણ થઈ ગયા.

ક્યારે ? ક્યાં ? કેવાં પાત્રો શા માટે શ્રીહરિ મોકલે છે તે તો તે જ જાણે !

પણ હતી એ બધી રસપ્રદ વાતો. બેન અર્પિતાનો આગ્રહ જાણે એક નવી જ દિશા બતાવતો ગયો.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

**તા.૧૫/૬/૨૦૦૭**

**નોર્થબરગન (યુ.એસ.એ.)**

# ॥ શ્રીગંગાલહરી ॥

(ભાવાનુવાદ)
(છંદ : મિશ્રોપજાતિ, રાગઃ અધર્મ જ્યારે)

૧

અખંડ વ્હેતું જલ છે પવિત્ર સમૃદ્ધ સૌભાગ્ય વસુંધરાનું !
સર્વસ્વ સર્વે શ્રુતિનું અનંત ઐશ્વર્ય તું શંકરની લીલાનું !
સ્વરૂપ પુણ્યોતણું મૂર્તિમંત,
પાપો તણો મા અવ આણ અંત !

૨

સુદર્શને નષ્ટ થતી દરિદ્રતા, તરુ અવિદ્યાતણું છેદનારો !
દુર્વાસના અંતરકેરી ધોતો ગુરુ સમો શુદ્ધ પ્રવાહ ન્યારો !
ભક્તોતણું મંગલ એક ધ્યાન,
કલ્યાણનું મા કરી દો પ્રદાન !

૩

જલી ઊઠ્યું અંતર પાર્વતીનું પેખી તને મસ્તકની જટામાં !
અયોગ્ય જોઈ વ્યવહાર તેનો રીસે તરંગો ઉછળ્યા ઊંચેરા
દીધો મચાવી ખખડાટ ભારી !
ભક્તોતણા સૌ દુરિતો નિવારી !

૪

પુણ્યો કદી ના કરનાર યે જો અચિંત્ય તારી સ્મૃતિમાં ડૂબે તો
મયંકબિંબે તમ નાશ તેમ સૌ વાસના નષ્ટ થતી ઉરે તો !
કરે સુરો સેવન વારિ તારાં,
હરો ત્રિતાપો જનની અમારા !



૫

મા આશ્રયે મેં તવ ગર્વથી સૌ કરી અવજ્ઞા સુરની અતિશ !
મારી હવે જો કરશો ઉપેક્ષા કોના ઉછંગે ઉર ઠાલવીશ ?
ત્રિતાપને સતત ઠારનારો
નોધારનો મા બસ તું સહારો !

૬

સમૃદ્ધ રાજ્યો ત્યજી સેવનારા મા પુણ્યશાળી તટ છે અનન્ય !
પાણી સુધાથી મધુરું વિશેષે પી તૃપ્ત થાતાં સહુ ભક્ત ધન્ય !
ભૂલી જતાં મા સહુ સ્વર્ગ, મુક્તિ :
આનંદની સતત શ્રેષ્ઠ ભુક્તિ !

૭

કસ્તુરી કેવી મૃગ સ્પર્શ પામે ધોવાઈ આવે સ્તનથી પ્રવાહે !
આનંદઘેલાં મૃગ સૌ નિહાળે પ્રવેશતાં નંદનબાગ માંહે :
તટસ્થ ભાવે સુરવૃંદ સોહે !
તારે તટે મા મન સર્વ મોહે !

૮

તારું અહો નામ પવિત્ર માડી લેતાં થતું અંતર શાંત સ્વસ્થ !
પાંચે મહાપાપ ટળે નહીં તે ટળી જતાં મા સ્મરણ તુરંત !
મા નામ ગંગા મધુ નિત્ય મારે
હૈયે રમો પ્રાણ પ્રયાણકાળે !

૯

હે માત તારાં જલમાં ભીંજાતા સૌ કાકટોળાં વિસરે જવાનું
સ્વર્ગે અહો ઈન્દ્રપુરી પ્રમોદે ! સંતોષથી તૃપ્ત મળે ન બહાનું !
તીરે રહી રાગ સદા ગવાતો
સંસાર કેરો શ્રમ શાન્ત થાતો !

૧૦

વિશુદ્ધ હે મા કદી તત્ત્વવિદો જાણી શક્યા ના શું સ્વરૂપ તારું !
તું તો નિરાકાર, અકથ્ય એવું સદૈવ વાણીથકી છે નિરાળું !
અંધારને નિત્ય હરાવનારું,
ભક્તો તણે ઉર જણાય ન્યારું !

૧૧

જે ધ્યાન કે તીવ્ર તપે અલભ્ય જે પાદપદ્મો ભગવાન વિષ્ણુનાં
સુલભ્ય કીધાં વિણ પક્ષપાતે હે માત, તેં તો હિતમાં સહુના !
દાનેશ્વરી તું જનની મહાન !
કદીય તારી ઉપમા જડે ન !

૧૨

સંસાર કેરો ભય દૃષ્ટિમાત્ર સદા હરંતી કરુણામયી મા !
તારા ગુણો શંકરના સિવાય સન્માનવા કોણ સમર્થ છે મા !
દ્વેષે જલતી ગિરિજા છતાંયે
ધારે તને મસ્તકપે સદાયે !

૧૩

નિંદે સદા પાગલ પાપકર્મો જેથી રહે દૂર વળી પતિતો !
દુષ્ટો ય જેનું નહિ નામ લેતા, સંતાડતા મ્હોં ડરપોક લોકો !
પરંતુ મા તે હરતી તું પાપો,
વિના વિલંબે શમતા વિલાપો !

૧૪

ઉદ્ધારવા જીવ અનેક સ્વર્ગથી કૂદી પડ્યા ભૂતલપે તમે મા !
ત્યારે ન વાગે ત્યમ ઝીલી લીધાં સ્વયં પ્રભુએ શિરની જટામાં



સ્વર્ગીય છોડી સુખ મેલ ધોવા
આવ્યાં દુઃખીનાં નિત આંસુ લ્હોવા !

૧૫

ગ્રહોથકી પીડિત ભૂતપ્રેતથી તિરસ્કૃતો દેવજનોથી છેક;
અપંગ, બ્હેરા, મૂક જીવકેરા છો મા તમે તારણહાર એક !
સૌ રાગનું ઔષધ એકમાત્ર તું,
નિરાશ્રિતોનો નિત આસરો તું !

૧૬

સ્વભાવથી સ્વચ્છ અવર્ણનીય તારો જનેતા મહિમા અપાર !
સ્વર્ગે યશોગાન સદૈવ ગાતા કુમાર સૌ સગરના હજાર !
તારી કૃપાથી તન સંપદાયે
સંપન્ન સર્વે સુખી સર્વદાયે !

૧૭

સંતપ્ત જેનું મન પાપ કર્મથી તે શોધી લે તીર્થ તણો સહારો !
પ્રાયશ્ચિતોથી દૂર કિન્તુ ભાગે ના હોય તેને કદી ક્યાંય આરો !
પામે સમુદ્ધાર સદૈવ સુખે
તેવા જનો મા મૃદુ તારી કૂખે !

૧૮

ધર્મોતણું પાવનધામ તારું શ્રી અંગ આનંદમયી મહાન !
ત્રિલોકનું છે શુચિ દિવ્ય વસ્ત્ર, પવિત્ર તીર્થો મહીં તું પ્રધાન !
સંદેહ સર્વે મટતા વિકારો,
સંતાપ માડી અમ સૌ નિવારો !

૧૯

હું ભ્રાન્ત માડી મદિરામંદ હતો
તેથી વિયોગે તવ દુઃખ મેં સહ્યા !
ઘણું કરી ગૈ જડબુદ્ધિ મારી મને સ્વયંને નુકશાન મિથ્યા !
વિજ્ઞપ્તિ મારી અવ ના થજો કદી વિયોગ થોડી ક્ષણનો ય માડી !

૨૦

વાયુ ઝપાટે ઊઠતા તરંગે પરાગ પદ્મેથી ઝરતો રહ્યો મા !
દેવાંગનાના સ્તનમંડલેથી ધોવાઈ વા કેસરચંદને મા !
વેગે વહે કેસરિયા વીચિઓ
તોડો અમારી ભવશૃંખલાઓ !

૨૧

પ્રાગટ્ય તારું પ્રભુના નખેથી ને વાસ છે કામજયી જટામાં !
ઉદ્ધારવા સતત દીનહીનને છે ટેવ તારી ગમતી ત્રિલોકમાં !
ઉત્કર્ષ ઇચ્છે સહુનો સદા જે
તેને દીધું સ્થાન ઊંચું સમાજે !

૨૨

ઊંચા ઊંચા શૃંગથી નિત્ય વ્હેતી
ઘણી નદીઓ પણ કોણ પામી
નિવાસ રે શંકરની જટામાં ? સુધન્ય ધોવા થયું કોણ કામી
રે ભાગ્યશાળી પ્રભુનાં પદો યે ? જેથી કરે કો કવિ તુલનાયે ?

૨૩

છો શેષશય્યા મહીં વિષ્ણુ પોઢે,
સમાધિમાં છો સ્થિર થાય બ્રહ્મા !
ને શંભુ છો તાંડવમગ્ન રે'તા ! સાક્ષાત જીવંત તમે અમારાં,
મનોરથો પૂર્ણ સદા કરો છો ! ચિંતા પછી દેવ કરે વૃથા છો !



૨૪

સ્નેહાર્દ્ર છો આપ અનાથ છું હું અધોગતિથી મુજને ઉગારો !
છે વૈદ્ય તું મા ભવરોગી હું છું તૃષ્ણા થકી વ્યાકુળ દોષ મારો !
સુયોગ્ય લાગે ત્યમ મા કૃપા કરો !
હું બાળ આવ્યો શરણે તમારો !

૨૫

કથાતણો મંગલ છે પ્રભાવ વરતાઈ આવે યમના પ્રદેશે !
શમી ગયો નારકી આર્તનાદ, ફાંફાં જીવો મેળવવા પડે છે !
તારી કૃપાથી ગલીએ ગલીમાં
સ્વર્ગે વિમાનો ઘૂમતા ફરે મા !

૨૬

રે કામ ક્રોધે પ્રગટેલ જવાળા જાણે જલાવે શરીરો અમારાં
એ તાવની તીવ્ર અસહ્ય વેદના શમાવવાને તું ઉરાડ ફુવારા !
રે દિવ્ય તારા શીત શીકરોથી
પ્રશાંત મા તું કરી દે વ્યથાથી !

૨૭

બ્રહ્માંડ તો તિન્દુક દિવ્ય વૃક્ષ કેવું દિસે લૂમથકી લચેલું !
ઘેરાયેલું મા તવ વીચિ વચ્ચે જાણે હિલોળા દિનરાત લેતું !
મા દિવ્યતા અંકિત ઓઘ તારો !
શમાવ સંતાપ બધા વિકારો !

૨૮

કરે અવજ્ઞા સહુ દેવદેવો ઉદ્ધારવા જે જીવને કદીક
અનુભવે તીર્થ સમસ્ત લજ્જા !
રે ખંચકાયા વિણ તું જરીક ઉદ્ધારતી સતત સ્નેહધારે
ઉદ્ધારકોના મદ તું ઉતારે !

૨૯
અસંખ્ય પ્રાયશ્ચિતથી ય શુદ્ધિ અશક્ય લાગી મુજ સંગ છોડ્યો
એવો નિરાળો જનની હું પાપી !
છતાંય ઝાલી મમતાથી રાખ્યો
ઉદ્ધરવા તેં જનની સ્વભાવ ! સમર્થ ના હું યશગાન ગાઉં !

૩૦
મહાન પાપી જનનો, જનેતા ઉદ્ધાર વિશ્વે કરીને ચકિત
સૌને અહીં તું કરવા ચહે તો આવ્યો હું તારે શરણે પતિત !
પ્રસંગ આવ્યો તક સાધી લે તું
પ્રસન્ન થૈ પાવન દે કરી તું !

૩૧
મિથ્યા પ્રશંસા નૃપની કરીકરી વાણી બગાડી અવળી રીતોએ !
કુતર્કના નિત્ય અભ્યાસથી મેં અશાંત કીધું મનને સદાયે !
નિહાળતા દુર્ગુણ કોણ સ્થાપે
સંબંધ, તારા વિણ સ્નેહ આપે ?

૩૨
નેત્રો નકામા, નિરખે નહીં જો આનંદકારી રમણીય તારી
રે દિવ્યમૂર્તિ શુભતત્ત્વયુક્ત ! ધિક્કાર હો બે શ્રવણો વિકારી
જો સાંભળે ના મધુ નાદ તારો
સ્વર્ગીય નિત્યે સુખ અર્પનારો !

૩૩
સૌ પુણ્યશાળી જીવ સ્વર્ગમાંહે
બેસી વિમાને નિજ મોજ માણે !
પાપી સદા તો નરકે સિધાવે તારો કદી તે મહિમા ન જાણે !
જ્યાં તું નથી ત્યાં નિત ભેદકેરા દુઃખો સહે જીવ ઘણા અનેરા !



૩૪
સુવર્ણ ચોરે, મદિરા, પીવે ને જુએ સતીને નિત દુષ્ટ કામે !
ને બ્રહ્મહત્યા કરનાર જો મરે, તારે તટે તો ગતિ શ્રેષ્ઠ પામે !
સામર્થ્ય તારું જનની અનન્ય
વખાણતા દેવ જનો સદાય !

૩૫
હરે વિયોગી જનના જીવો તે સુદિવ્ય પુષ્પોની સુગંધ લાવે
ગણાય તે દુર્લભ વાયુ દેવ ! મા તે તમારો યદિ સ્પર્શ પાવે
ત્રિલોકને તૂર્ત કરે પવિત્ર
એવો જનેતામહિમા અનંત !

૩૬
ચહે સમૃદ્ધિ જન કોઈ ભૌતિક,
કો ઝંખનાથી સુખ સ્વર્ગ ચાહે,
ને નિત્ય યત્નો કરતા રહે તે ! કિન્તુ જગન્નાથ ઉછંગ માંહે
સૂતો નિરાંતે સહુ ભાર સોંપી, શ્રદ્ધાપતાકા ઉર માંહિ રોપી !

૩૭
છો હોય ઢોંગી, દીન, હીન, દુષ્ટ, તેનો સમુદ્ધાર કરે સદાય !
એ ટેવ તારી બદલે ન કોદિ !
આસક્તિ તેવી મુજની અશક્ય કેમે કરી ના બદલાય માડી !
શક્યું અહો કોણ સ્વભાવ છોડી ?

૩૮
પ્રદોષ કાળે હરની લીલાથી ખડી થતી મસ્તકની જટામાં
ફેલાવતી હસ્તસ્વરૂપ લ્હેરો ને નાદ વીચિ ડમરુ સમો મા
તારું અહો તાંડવ નૃત્ય લાગે !
એથી અમારે ઉર ભક્તિ જાગે !

૩૯

આરંભથી જીવનના જનેતા સોંપ્યો બધો ભાર તને જ શ્રેયનો !
હવે મને જો તજશે તું માડી રે શેં ભરોસો તુજમાં જ કોઈનો !
દયાળુ માડી જરી તો વિચારો
છે એક મારો બસ તું સહારો !

૪૦

સંયુક્ત અંગો શિવ ને શિવાના તેની જટામાં રમતી તું છાની !
હિલ્લોળતી તું ભૂલથી ખસીને આવી ચઢે સેંથી મહીં ઉમાની
તને ગણી શોક્ય થતી ઉપેક્ષા,
દેતી છતાં તું નિત પ્રેમદીક્ષા !

૪૧

દયાળુ તારો નિરખી સ્વભાવ આવે બધાંયે તુજ મા સહારે !
દુઃખોથી થાકી અથવા પ્રધાન ઇચ્છાની પૂર્તિ કરવા પધારે !
મને પરંતુ અનુરાગ જાગ્યો
ઇચ્છાવિહોણો શરણે હું આવ્યો !

૪૨

સહેજે ધરે જો શિર કોઈ માટી આદિત્ય અંધાર હરે શું તેમ
અજ્ઞાન તેનું દૂર થાય સત્વર, ને દિવ્ય જાણે વરસે, રહેમ !
લેખો લલાટે વિધિના ભુસાય,
સામર્થ્ય એવું મૃદનું સદાય !

૪૩

હાંસી કરે મા તવ વૃક્ષરાજે વિમૂઢ લોકો તણી જે પ્રસુપ્ત :
"આસક્તિ છોડી ભ્રમરો પધારો
માણી સુગંધી નિત થાવ મુકત !"
રે દિવ્ય છે સૌરભયુક્ત તારાં વૃક્ષો બનો મિત્ર બધાં અમારાં !



૪૪

ઉપાસના દેવતણી કરે કો, કો સાધનાઓ શ્રમસાધ્ય સર્વ !
કો યજ્ઞયાગે રત, કોઈ યોગે આત્માની પ્રાપ્તિ કરવા સગર્વ !
તલ્લીન તારે સ્મરણે છું ફક્ત,
લાગે બધું ઘાસ સમાન તુચ્છ !

૪૫

કલ્યાણ દેવો કરતા જણાય સૌ પુણ્યશાળી જનનું સદૈવ !
સત્કર્મ જેણે ન કર્યાં પરંતુ કે દેવપૂજા ય કરી ન સેવ
બધા પ્રકારે અસહાય તેનું,
તારા વિના શ્રેય કરે કોણ છાનું ?

૪૬

શિશુ અવસ્થા મહીં હે જનેતા, કીધું હતું મેં પયપાન તારું !
કુસંગ થાતાં વિષયે ભ્રમાયો, અશાંતિમાં શ્રેય થયું ન મારું !
ગોદે ભરાયો અવ થાકી થાકી,
પોઢાડ માડી ચિર શાંત રાખી !

૪૭

ઉદ્ધારવા કાળજી લો હવે મા નાગો વડે દે મજબૂત બાંધી !
મુકુટમાં બાલ શશી ખરાબ, નાશી જશે બહાનું કરી ઉપાધિ !
આ છે જગન્નાથની વેળ આખરી
હે દેવમાતા, તક ના મળે ફરી !

૪૮

બિરાજતી તું મગરે ચતુર્ભુજ, સફેદ આભૂષણથી સુસજ્જ !
છે શારદી પૂર્ણ શશી સમાન શ્રી અંગ તારું શુચિશ્વેત સુંદર !
તેનું કરો જીવ સદૈવ ધ્યાન,
ને મેળવો નિર્ભયતાનું દાન !

૪૯

દાવાનલે તપ્ત જીવો કરે તું સુધાસ્વરૂપી સ્મિતથી પ્રસન્ન !
જાણે ચમત્કારથી ચંદ્રિકાના સુખી બને શીતલ જીવ ભ્રાન્ત !
હે માત ! હે શાન્તનું સ્ત્રી પવિત્ર !
કલ્યાણ મારું કરજે અનંત !

૫૦

સંસારનો સર્પ ડસ્યો મને અરે, બન્યા નકામા સુર, મંત્ર, જંત્ર,
શક્યા ઉતારી વિષ ગારુડી ના, તમે જ છો એક હવે સમર્થ :
વિષ્ણુપદી, કાલિય નાથનારા
શ્રીપાદ્ધોયા પ્રભુ પ્રેમ પ્યારા !

૫૧

હાર્યા દ્યુતે શંકર, હોડમાં મૂક્યા : નંદી, બધા સેવક, ચર્મ, ચંદ્રમા
ને પાર્વતીનો કરતા વિચાર : સ્મિતે નિહાળે ગિરિજા કટાક્ષમાં !
તરંગ ઊઠ્યા ખખળી વિચિત્ર,
એ તાંડવી નૃત્ય કરો પવિત્ર !

૫૨

અનંગ શત્રુ શિર શોભતી જે સૌની કરો સત્વર દૂર પીડા !
કરી કરી સુંદર વીચિ ક્રીડા ! ગંગા કરો પાવન અંગ મારું

૫૩

(અનુષ્ટુપ)

જગન્નાથે રચેલી આ પીયૂષલહરી યદા
પઠશે, મળશે તેને સદૈવ સુખ સંપદા.

**—શ્રી ઈશ્વરભાઈ ભક્ત**

**(પરમાર્થી)**



# ॥ ગંગામૈયાની ચિન્મયતા ॥

[મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર તરફથી ચાર શનિ-રવિનો એક વેદ-ઉપનિષદ્યોગશિબિર દક્ષિણામૂર્તિમાં યોજાયેલો. તેમાં પ્રમુખ વ્યાખ્યાતા હતા પ્રા. જનાર્દનભાઈ દવે. આ શિબિરમાં લગભગ ૧૦૦ જેટલાં ભાઈબહેનો જોડાયાં હતાં.

આ શિબિરના ત્રીજા શનિવાર ને તા.૫/૧૦/૮૫ના રોજ, પ.પૂ.'મા'શ્રી સર્વેશ્વરીએ શિબિરાર્થીઓ સમક્ષ પોતાની સાધનાત્મક અનુભૂતિઓ વર્ણવતાં ગંગામૈયાનો પોતાને થયેલો વિરલ અનુભવ પણ વર્ણવેલો, જે અહીં પૂ.'મા'ના શબ્દોમાં રજૂ કરેલ છે.

આપણા ધાર્મિક ગ્રંથો ને શાસ્ત્રોમાં એવા ઉલ્લેખો મળે છે કે સમુદ્ર, નદીઓ ને પર્વતો સર્વ જડ સૃષ્ટિ પણ ચિન્મય છે, ચેતનયુક્ત છે અને તેની પ્રત્યક્ષ અનુભૂતિ ઉચ્ચ આત્મિક સ્થિતિએ પહોંચેલા કોઈ કોઈ સંત મહાત્માઓ કે વિરલ આત્માઓને થાય છે. એટલે જ તો આપણાં તીર્થોમાં ગંગામૈયા, યમુના મૈયા, નર્મદાજી કે ગોદાવરી મૈયાની આરતી ઉતારવામાં આવે છે. તેની પાછળનું રહસ્ય તો અધિકારી જીવો જ પામી શકતા હોય છે. પૂ.'મા'ની એ રજૂઆત શિબિરાર્થી સાધક ભાઈબહેનોને ખૂબ પ્રેરણાદાયક રહી. —તંત્રી]

'મે માસની કાયાવરોહની શિબિર પછી ગંગાજીના દર્શને જવાની ઈચ્છા થઈ. પૂ.શ્રીની દિવ્ય વિદાય પછી જ્યારે જ્યારે ગંગાજીનાં દર્શને જવાનું થયું ત્યારે ત્યારે એક સહજ નિયમ પળાયો. જ્યાં સુધી ગંગાજીનું દર્શન ના થાય ત્યાં સુધી પાણી પણ ન લેવું અને એ નિયમથી સહજ રીતે શ્રી ગંગાજી ઉપર અંતરનો ભાવ વધવા લાગ્યો. ગંગાજીની આરતી એ દિવસોમાં લખાઈ

જેના શબ્દો નીચે મુજબ હતા :–

જય જય શ્રીગંગા માતા,

ભાગીરથી વંદું તને....

મે માસમાં ગંગાજી જવાનું બન્યું ત્યારે ગંગાકિનારે ૨૦–૨૨ દિવસ રહેવાનું થયું અને હરિદ્વારના એ આર્યનિવાસના સામેના ભાગમાં રોજ સવારે ૫ થી બપોરે ૧૨ સુધી ગંગાકાંઠે બેસી શાન્તિથી સાધન ભજનમાં પ્રવૃત્ત રહેવાયું. દરરોજ ગંગાકાંઠેથી આર્યનિવાસ આવતાં પહેલાં સવાર–સાંજ ગંગાજીની આરતી, સાથે આવેલા ૧૦–૧૨ ભાઈબહેનો સાથે ગાવાનો નિયમ રાખ્યો હતો.

રામાયણમાં ગંગાજીના ચૈતન્યપ્રાણે પૂજન પછી શ્રી સીતામાતાને પણ આશીર્વાદ આપ્યા હતા એવો ઉલ્લેખ છે. વળી ઋષિ મુનિઓને પણ ગંગાકાંઠે જ સાધનાત્મક શાંતિ મળી હતી. પૂ.શ્રી યોગેશ્વરજીએ પણ વર્ષો સુધી ગંગામાને ચરણે બેસીને તપશ્ચર્યા સફળ કરી હતી. વળી એવું પણ સાંભળ્યું કે દરરોજ સાંજે ગંગામાની આરતી–દેવતાઓ પણ દિવ્ય સ્વરે ઉતારે છે. એવી અનુભૂતિ પ.પૂ.શ્રી યોગેશ્વરજીને થયાનો ઉલ્લેખ એમની આત્મકથામાં છે.

આ બધી વાતોના આધારે અમને પણ સહજ વિચાર આવતો કે ગંગામા સાચે જ પ્રત્યક્ષ દૈવીસ્વરૂપે હોય, તો અમને પણ કંઈક અનુભૂતિ તો આપશે જ ને ! કોઈપણ જાતની અનુભૂતિ વિના ખાલી હાથે ગુજરાત ન જ ફરવું પડે, એવી પણ શ્રદ્ધા ગંગામાં પ્રત્યે હતી, તેથી થતું હતું કે સવારસાંજ ગંગામાની આરતી ગાઈએ છીએ તે જરૂર સંભળાતી હશે.

દિવસો પસાર થઈ ગયા. ગંગામાની પ્રેમપૂર્વકની પ્રશસ્તિ શું નકામી જશે, એ શંકા છેલ્લા બે ત્રણ દિવસ બાકી હતા ત્યારે જાગી



ઊઠી. પ્રાર્થના કદી નકામી જતી નથી એવી પ્રતીતિ ત્રણ અનુભૂતિ દ્વારા ગંગામાએ કરાવી, એ પૈકી એક અનુભૂતિ આ પ્રમાણે થઈ.

ભાવિક ભક્તો ગંગાયાત્રા પછી ગંગાપૂજનનો ધાર્મિકવિધિથી ઉત્સવ ઘરે આવીને ઉજવે છે. અમારી સાથે આવેલા ભાઈબહેનોએ અમારી સૂચના મુજબ ગંગાકિનારે ગંગામાનું પૂજન બે વાર સમૂહમાં કર્યું. અમને પણ થયું કે અમે પોતે પણ વ્યક્તિગત રીતે ગંગામાનું પ્રત્યક્ષ પૂજન કરીએ તો કેવું સારું ! એથી નીલધારા નામના ગંગાજીના મૂળ પ્રવાહ સામે અમે ૧૦-૧૨ ભાઈબહેનો સાથે તા.૧૫/૦૬/૮૫ની સાંજે પહોંચી ગયા, ને ત્યાં પૂજન માટેની તૈયારી કરી.

ગંગામા પ્રત્યક્ષ છે એવી ભાવના સાથે સ્નાન કર્યા બાદ પૂજામાં બેઠાં. વડોદરાના શ્રી વિજયભાઈ પુરોહિતે પૂજાનો પ્રારંભ કરાવ્યો. ગંગાના પ્રવાહથી અમારું પૂજાનું આસન ત્રણ ચાર ફૂટના અંતરે રાખેલું. સંકલ્પ સાથે જેવી પૂજાની વિધિ શરૂ થઈ કે ગંગાજીનો પવિત્ર પ્રવાહ અમારા આસન તરફ ધીમે ધીમે આવવા માંડ્યો.

આ જોઈ અમારી સાથે આવેલા ભાઈબહેનો થોડા આશ્ચર્ય સાથે વિચારમાં પડી ગયાં ! અમને પણ લાગ્યું કે કદાચ પૂજા કરતાં કરતાં અમારે સ્થાન ખસેડી ઉપર લઈ જવું પડશે કે શું ? અમારી સાથે આવેલ દક્ષેશ નામના વિદ્યાર્થીએ અમારાં આસન ગંગામૈયાના પ્રવાહથી ન ભીંજાય, તે માટે પ્રવાહને અટકાવવા પત્થરો ગોઠવવા માંડ્યા.

આમ છતાં ગંગાપ્રવાહ પત્થરોની આડને ઓળંગી અમારા આસનને અડીને વહેવા લાગ્યો. પછી અમે ફળ અર્પણ કર્યું તે પણ પાસે જ આવી ગયેલા પ્રવાહમાં વહેતું થવા લાગ્યું. જેથી શ્રી વિનોદભાઈએ તે ફળને લઈને પાછું બહાર કાઢવાની ચેષ્ટા

કરી, પરંતુ અમે તેને ફરી લઈને પ્રવાહિત કર્યું. પછી ગંગામાની બધી વિધિ પૂરી થઈ. તે વખતે ગંગામાનો પ્રવાહ છેક અમારા ચરણો સુધી વહીને ચાલવા માંડ્યો. છેવટે આરતીની તૈયારી થઈ. આરતી લઈને ઊભા થતાં જ વિચાર આવ્યો કે ગંગામાના પ્રવાહની અંદર ઊભા રહીને આરતી ઉતારીએ તો જ આરતી ઉતારી એમ ગણાય. તેથી અમે આરતી લઈને પ્રવાહમાં ચાલ્યાં ત્યારે અમારા આશ્ચર્યની વચ્ચે અમારી પાછળ ઊભેલા શ્રી અતુલ અને કુન્દનબેનનું ધ્યાન ગયું કે ગંગાજીનો એ પ્રવાહ અમારા પગલાંની પાછળ પાછળ નીચે ઉતરી વહેવા લાગ્યો અને અમે જ્યાં ઊભા રહ્યાં ત્યાં જ તે પ્રવાહ સ્થિર થઈને વહેવા લાગ્યો. તરત જ અતુલે સહુ કોઈને અમારી પાછળ વહેતા એ પ્રવાહનું દર્શન કરાવ્યું. આરતી થઈ ગઈ ત્યાં સુધી અમે ઊભાં હતાં ત્યાં એ પ્રવાહ સ્થિર થઈ વહેવા લાગ્યો. અમારી આગળ પણ ન વધ્યો કે પાછળ પણ ન રહ્યો. નદીના પ્રવાહનું આ રીતે ભરતીની જેમ ઊંચે નીચે આવવું ન કલ્પી શકાય એવી વાત હતી, કારણ કે તે સમયે નદીના પ્રવાહમાં કોઈ બાઢ કે પૂર ન હતું. વળી પ્રવાહ તો રોજ એકધારો એના નિયત માર્ગમાં જ વહેતો એમ અમે જોતાં. એટલે પૂજાના સમયે જ ગંગામાનો પ્રવાહ છેક અમારા પૂજાના સ્થાન સુધી આવ્યો, એ અમો સહુ માટે આશ્ચર્યકારક ને આનંદદાયક ઘટના બની.

વળી આરતી પછી પાછળ જોયું તો પૂજાની સામગ્રી દસ ડગલાં દૂર રહી ગઈ હતી અને ગંગામાનો પ્રવાહ તો અમારા પગ આગળ જ એ વહેવા લાગ્યો હતો, તે ત્યાં જ સ્થિર થઈને વહેતો રહ્યો.

'ગંગાજીની નિયમિત આરતી ગવાઈ તેનો જાણે એ પ્રત્યુત્તર



હતો. અથવા ગંગાજીનો પ્રવાહ પણ ચિન્મય છે એની અદ્ભુત પ્રત્યક્ષ અનુભૂતિ ગંગામાએ અમને કરાવી ! હે મા ભગવતી ! તમારા ચરણે લક્ષકોટિ પ્રણામ.'

પૂ.'મા'શ્રી સર્વેશ્વરીના ગંગામૈયાની ચિન્મયતાના અનુભવના અનુસંધાનમાં પ્રા.શ્રી જનાર્દનભાઈ દવેએ સમાપન કરતાં જણાવ્યું કે "અમે વિદ્યાર્થી તરીકે પંડિત જગન્નાથની ગંગાલહરી ભણેલા અને આજે કોલેજમાં પણ તે ભણાવીએ છીએ. તેમાં પંડિત જગન્નાથના એક એક શ્લોકે ગંગામૈયાનો પ્રવાહ એક એક પગથિયું પાણી ચડે છે ને બાવનમા પગથિયા ઉપર પ્રાયશ્ચિત માટે બેસાડેલા પંડિત જગન્નાથજીના પદોનું પ્રક્ષાલન ગંગામૈયાનો પ્રવાહ કરીને તેમને પવિત્ર જાહેર કરે છે. આ કાવ્ય અદ્ભુત છે, તેમાં ગંગામૈયાની પ્રશસ્તિ અતિ સુંદર શબ્દોમાં કરેલી છે.

આ કથા અમે ભણેલા અને ભણાવીએ છીએ, પરંતુ પૂ.'મા'શ્રી સર્વેશ્વરીની આ પ્રત્યક્ષ અનુભૂતિની વાતે અમારી શ્રદ્ધાને દૃઢ કરી એટલું જ નહિ, પરંતુ આજના યુગમાં પણ ભાવભક્તિવાળા સાધકોને ગંગામૈયા અનુભૂતિ આપે છે, તેની પ્રતીતિ કરાવી.

પ.પૂ.'મા' ૫૭૦ કરતાં વધુ ઉપવાસો હોવા છતાં આપણા ઉપર અનુગ્રહ કરી, આપણી શિબિરમાં પધાર્યાં, તેમાં પ.પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીની કૃપાએ કામ કર્યું છે, એમ હું માનું છું. શાસ્ત્રો જાણવાં એક વાત છે, પરંતુ એનાં સત્યોને જીવનમાં સાધના કે તપ કરી અનુભવવાં એ બીજી વાત છે, પૂ.શ્રી'મા' આવી અનુભૂતિ પામ્યાં છે તે ઘણી મોટી વાત છે."

**—સંપાદન**

## ॥ 'મા' સર્વેશ્વરીનું ભગવતીસ્વરૂપ ॥

[આ લેખ જેમના વિષે લખાયો છે તે પ.પૂ.'મા'શ્રી સર્વેશ્વરી "રામકબીર ભક્ત સમાજની" ભેટ છે. તેમજ લેખના લેખક શ્રી ઈશ્વરભાઈ ભક્ત પણ એ જ સમાજના એક લબ્ધપ્રતિષ્ઠિત સાધક ને આગેવાન કાર્યકર હોવા ઉપરાંત, પ.પૂ.'મા'શ્રી સર્વેશ્વરીના અનન્ય ભક્ત છે. તેઓશ્રીના આત્મિક વિકાસ ને સાધનાના તેઓ સાક્ષી હોઈ તેઓએ પૂ.'મા' વિષે જે ભાવભક્તિપૂર્ણ લેખ કબીરવાણીમાં લખ્યો છે, તે 'અધ્યાત્મ'ના વાચકોના હિતાર્થે અહીં સાભાર પ્રસિદ્ધ કરીએ છીએ. **—તંત્રી(૧૯૮૨)** ]

પૂ.'મા'ના પૂર્વાશ્રમનું નામ સરોજબહેન. આજે માંડ ચાલીસ વર્ષની ઉંમર હશે. આટલી નાની વયમાં જ સમસ્ત ગુજરાતમાં તેઓ પૂજ્ય મનાવા લાગ્યાં એ ઘટના શ્રી રામકબીર ભક્તસમાજને માટે ગૌરવરૂપ છે. ભક્તસમાજના જ એક સભ્ય કુળમાં તેમનો જન્મ થયેલો. પિતાશ્રીનું નામ શ્રી કાલીદાસ ભક્ત. ત્યાગ કર્યા પછી નામ બદલાઈ જાય. બધાં ત્યાગ નથી કરી શકતાં. ત્યાગ તે જ કરી શકે કે જેણે મોહ, માયા, મમતાની નિરર્થકતાને ઓળખી લીધી હોય અને પરમાત્મા સાથે અનન્ય રીતે સ્નેહ બાંધ્યો હોય ! પરમાત્માનાં દર્શન કર્યા વિના રહેવાય જ નહિ એવી અવસ્થા થઈ જાય ત્યારે ત્યાગનો માર્ગ સહજ બને. વળી ત્યારે ભારતીય પ્રણાલિકા પ્રમાણે ગુરુ નવું નામાભિધાન કરે. વિવેકાનંદનું નામ નરેન્દ્ર હતું. ગુરુએ વિવેકાનંદ નામ પ્રદાન કર્યું. જગત નરેન્દ્ર તરીકે તેમને ઓળખતું નથી. નરેન્દ્ર તરીકેનું વ્યક્તિત્વ જ લોપ પામી ગયેલું. ગુરુની પરાત્પર શક્તિએ તેમનામાં સંક્રાન્ત થઈ જગતને એક



અનોખા વ્યક્તિત્વની ભેટ ધરી. જ્ઞાનની પ્રભાએ ઝળહળિત સ્વરૂપે સિંહ સમાન વ્યક્તિત્વને પ્રકાશિત કર્યું તેને જ લોકો વિવેકાનંદ કહે છે. ત્યાગ કર્યા પછી સરોજબહેન સરોજબહેન રહ્યાં જ નહીં, ન રહ્યાં કોઈનાં બહેન ન રહ્યાં કોઈની પુત્રી. કુળનાં નહીં, પણ સમસ્ત ગુજરાતના લોકહૃદયના પાત્ર બન્યાં. સાંસારિક કે સામાજિક સંબંધોથી મુક્ત, ભાગવતી શક્તિથી વિભૂષિત કરી, એવા અદકા વ્યક્તિત્વને ગુરુ યોગેશ્વરજીએ પ્રકાશિત કર્યું ને જેની ઓળખાણ 'મા' સર્વેશ્વરીના નામથી એમણે કરાવી.

લૌકિક રીતે તેઓ આપણી વચ્ચે જ રહ્યાં ભણ્યાં ને ગણ્યાં, યુનિવર્સિટીએ ગ્રેજ્યુએટ થયા પછી તેમને માનભેર કવિ ઉમાશંકર જોષી પારિતોષિક પ્રદાન કર્યું. ત્યાર પછી બી.એડ.ની ડીગ્રી પણ એનાયત થઈ. શિક્ષણક્ષેત્રે બાર વર્ષ સુધી સેવા પણ આપી. શિક્ષિકામાંથી આચાર્ય પણ થયાં. તેમણે પવિત્રતાનું કરેલું અનુષ્ઠાન સેવાના ક્ષેત્રોમાં ઉદાત્તપણે મઘમઘી ઊઠ્યું. વિદ્યાર્થીજગતમાં તેઓ પ્રિય થઈ પડ્યાં ! શિક્ષકગણના આદરપાત્ર બન્યાં ! સંસ્થાના નેતાગણનાં સન્માનનીય બન્યાં ! તેથી જ ત્રણ ત્રણ વાર આપેલું તેમનું રાજીનામું સંસ્થાના પ્રમુખે સ્વીકાર્યું ન હતું. તેમના જેવા આચાર્ય ફરીવાર ન મળે એ હેતુથી તેમને અનેક સુવિધાઓ પ્રદાન કરવાની લાલચ પણ મળી પરંતુ તેમને કોઈ રોકી શક્યું નહિ. રામરસાયણ કરી પીનારને કોણ રોકી શકે ? તેમને માટે ત્યાગ ખરેખર સહજ બન્યો. ગુરુને ચરણે સર્વસમર્પણ કરી પ્રભુદર્શનની ઝંખના તૃપ્ત કરવાની તાલાવેલી એટલી બધી તીવ્રતમ હતી કે તેમનાથી ત્યાગ સિવાય અન્ય પગલું ભરી જ ન શકાયું !

આ બધી વાર્તા વાંચી વાચકવર્ગને કદાચ આશ્ચર્ય પણ થાય. ત્યાગ વૈરાગ્ય વિના ટકતો નથી એ વાત સાચી છે. તેમનું મન પહેલેથી જ સંસારના વિષયોમાંથી ઉપરામ પામ્યું જ હતું. મનમાં વિરાગની માત્રા દિન પ્રતિદિન દૃઢપણે વધતી જ જતી હતી. નોકરી છોડી દઈ ત્યાગ કરવાના નિર્ણયો તેમણે ઘણીવાર કર્યા હતા. પરંતુ તેમને ગુરુની આજ્ઞા મળતી ન હતી. ઈ.સ.૧૯૭૭માં ગુરુએ તેમને રોજનીશીમાં સ્વહસ્તે લખી આપ્યું હતું કે 'ઈ.સ.૧૯૭૯ના ડિસેમ્બરમાં ગુરુસેવાને નિમિત્ત બનાવી, સંસારનો ત્યાગ કરી શકશો.' મારી હાજરીમાં આ લખાણ થયેલું. મને તે ઘટનાના સાક્ષી બનવાનું પુણ્ય પ્રાપ્ત થયું હતું. આપણા 'કબીરવાણી'ના તંત્રી પોતે જેમ શિક્ષણક્ષેત્રે તેમના સેવાકાર્યના સાક્ષી રહ્યા છે તેમ તેમની આધ્યાત્મિક ક્ષેત્રની પ્રગતિના સાક્ષી બની રહેવાની સુવર્ણ તક મને પરમાત્માએ આપી છે. જે પ્રમાણે રોજનીશીમાં વર્ષ, માસ ને દિવસ નોંધાયેલ તે જ પ્રમાણે ઘટના બની. ગુરુ યોગેશ્વરજીનાં દર્શન નિમિત્તે રજાના દિવસે તેઓ અમદાવાદ ગયેલાં. એકાએક ગુરુને હાર્ટઍટેક થયો. ઈસ્પિતાલમાં દાખલ કરવામાં આવ્યા. શાળામાં આચાર્ય તરીકે ચાલુ રહેવું કે ગુરુની સેવા અર્થે કાયમને માટે ત્યાગ કરવો એ સમસ્યા મનમાં ઉદ્ભવી. ગુરુની આજ્ઞા પણ કેવી રીતે લેવી ? ગુરુ તો બેભાન અવસ્થામાં છે. અંતરાત્માએ ત્યાગનો માર્ગ ચીંધ્યો ને ગુરુસેવાનો અણમોલ લહાવો તેઓ લઈ શક્યાં !

સામાન્ય રીતે જગતની કોઈપણ વ્યક્તિ આટલી આસાનીથી ને સાહજિકતાથી મોભાદાર પદનો ત્યાગ કરી શકતી નથી. સંસારની માયામોહિની નિર્ણય કરતી વખતે સામે ખડી થાય. તેને બધી બાજુથી વિચાર કરવાની ફરજ પાડે છે પરંતુ 'મા' સર્વેશ્વરીને એ તત્ત્વો નડ્યાં જ નહીં ! જાણે કે સહુ નિશ્ચિત જ હતું ! કેટલી બધી સહજ રીતે



તેમણે ત્યાગને સન્માન્યો ! બીજે દિવસે શું પહેરીશ તેનો પણ વિચાર ન કર્યો ! તરત જ રાજીનામું લખી સેવામગ્ન થઈ ગયાં. વિવાહ કરવો તો પરમાત્મા સાથે, નહીં તો નહીં ! ગ્રૅજ્યુએટ થયા પછીનો તેમનો આ નિર્ણય અડીખમ રહ્યો. તેમને કોઈ ડગાવી શક્યું નહીં. ગુરુના શરણમાં રહેનારની ખુદ હરિએ પણ સેવા કરવી પડે, તે કહેવત જાણે કે ચરિતાર્થ બની. વિના માંગ્યે સાડીઓ, ઠંડીથી બચવા ગરમ વસ્ત્રો ને હજારો રૂપિયાની આર્થિક સહાય વિભિન્ન સ્વરૂપે સામે આવીને વિનવણી કરવા લાગી. બીજી તરફ વણમાગી સહાયને તેઓ પાછી ઠેલી રહ્યાં છે ! નથી સ્વીકારતાં સાડી, વસ્ત્રો કે નાણાં ! કાંઈ જ ખપતું નથી. માત્ર ભક્તિ. કેવી અપરિગ્રહ વૃત્તિ ! કેટલો બધો પાકો વૈરાગ્ય કહેવાય ! ત્રણ દિવસ સુધી પાણી પણ નહીં ! ત્યાર પછી ઓગણીશ દિવસ સુધી માત્ર છાસનો ગ્લાસ જ ! છતાં ગુરુસેવા અવિતરપણે ચાલુ જ ! રાત્રે ઊંઘ નહિ, દિવસે આરામ નહીં ! કેટલી બધી તિતિક્ષા કહેવાય !

આધ્યાત્મિકતાની સિદ્ધિઓ જે કાંઈ તેમને મળી હોય તેની પાછળ તેમનું અણિશુદ્ધ પવિત્ર જીવન અને નિષ્ઠાપૂર્વક કરેલી તપશ્ચર્યા મહદ અંશે જવાબદાર છે. નોકરી કરતાં કરતાં અનન્ય ગુરુભક્તિ તેમણે ખીલવી છે. ગુરુએ બતાવેલ નિયમોનું ચુસ્તપણે પાલન કર્યું છે. ગુરુમંત્રની અઢીસો માળા પૂરી કરીને જ રોજ પાણી પીવું એવો કડક નિયમ તેમણે પાળ્યો છે. ઘણીવાર પાણી વિના રહેવું પડ્યું છે. મળસ્કે ઊઠીને માળાઓ કરે ખરાં પણ શાળાનો સમય થઈ જાય એટલે અચૂકપણે શાળામાં હાજર થઈ જતાં. બબ્બે પાળીની તેઓ જવાબદારી સંભાળતાં. એટલે બાર કલાક શાળામાં સહેજે વીતી જતા. રાત્રે ઘરે જઈ માળા પૂરી કરી પછી જ પાણી લેતાં. ત્રણ મહિના સુધી માત્ર પા શેર

દૂધ પર રહીને, તમામ વ્રતો ને નિયમોનું કડકાઈપૂર્વક પાલન કરતાં કરતાં તેમણે આચાર્ય તરીકેની નોકરી કરી છે. આવી મનોનિગ્રહની સાધના અવિરતપણે દસ વર્ષ સુધી ચાલુ રહી. તેથી તેઓ ગુરુકૃપાને પાત્ર થઈ શક્યાં.

રજાના દિવસોનો ઉપયોગ પણ તેમણે સાધના માટે જ કર્યો. પૂ.મોટાનું મૌનમંદિર તાપી નદીને કિનારે આવેલું છે. કમ્પાઉન્ડમાં જાહેર સાર્વજનિક સ્મશાન પણ છે. સ્થળ એકાન્ત ને શહેરથી દૂર, એટલે રાત્રે ઘણાને ભયાનક લાગે. છતાં તેમણે મૌનમંદિરનો ઉપયોગ દર રજાઓમાં કર્યો જ. એકવીશ દિવસ સુધી ધ્યાન, ચિંતન, મનન અને નિદિધ્યાસનની તપશ્ચર્યા કરવામાં દરેક લાંબી રજાઓનો ઉપયોગ કર્યો. મૌનમંદિરના ઓરડામાં બહારનો પ્રકાશ આવી ન શકે તેવી રચના છે. બહારથી તાળુ મારી દેવામાં આવે છે. ખોરાક અગાઉથી જણાવ્યા પ્રમાણે બારી પર મૂકી જવામાં આવે છે તે બારી આપોઆપ અંદરને ભાગે ખસી આવે તેવી બનાવેલી છે. આવી એકાન્ત ઓરડીઓમાં તેમને અનેકવિધ દિવ્ય અનુભૂતિઓ થઈ છે. તે મેં તેમણે લખેલી રોજનીશીમાંથી વાંચી છે. નાનપણથી જ તેમને ખુલ્લી આંખે પ્રકાશનાં દર્શન થતાં. પરંતુ ત્યારે તેમને સમજ ન હતી. પ્રકાશસ્વરૂપ આત્માનો પરિચય તેમને પાછળથી થવા માંડ્યો. જેમ જેમ તેમણે કઠિન તપશ્ચર્યા કરી અને કડક વ્રત નિયમાદિનું પાલન કર્યું તેમ તેમ તેમનું મન નિર્મળ બનતું ગયું અને પ્રકાશસ્વરૂપ આત્માનું પ્રતિબિંબ તેઓ જોઈ શકતાં થયાં. વળી નાનપણથી જ પિતાની છત્રછાયામાં તુલસીકૃત રામાયણ ગાવાની આદત પડી હતી. જેમ જેમ સમજ વધતી ગઈ તેમ તેમ રામાયણનો આનંદ પારાયણ કરીને મેળવવા લાગ્યાં. ઘણી ચોપાઈઓ કંઠસ્થ થતી ગઈ. આજે પણ તેઓ



વારંવાર પારાયણ કર્યા જ કરે છે. પ્રભુએ તેમને કંઠ પણ સુંદર આપ્યો છે. પ્રાર્થના ભજનો તેમનાં સ્વભાવમાં વણાઈ ગયાં છે. તેઓ પોતે ભજનો પણ રચે છે. ભજનોના માધ્યમથી તેઓ જનસમૂહના હૃદયમાં સ્થાન પણ પામી ચૂક્યાં છે. સ્વરરચિત ભજનો તેમને કંઠેથી સાંભળવાં એ પણ એક લહાવો ગણાય છે. તેમનાં ભજનોનો એક સંગ્રહ, ''અર્ઘ્ય'' નામે ગયે વર્ષે પ્રસિદ્ધ પણ થયો છે. તેમનાં ભજનોમાં તેમની પ્રભુદર્શનની ઝંખના, લગની અને એ અંગેનો પ્રપત્તિભાવ સાદી સરળ લોકભોગ્ય ભાષામાં અભિવ્યક્ત થયો છે. તેમની ગુરુભક્તિ ચરમ સીમાએ પહોંચી ત્યારે તેમને ગુરુ તરફથી શું શું મળ્યું તે પણ ભજનો દ્વારા જાણી શકાય છે. ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ વાર્તાકાર શ્રી ઈશ્વરપેટલીકરને, તેમનાં ભજનો સાંભળીને, મીરાંનાં દર્શન થયાં તે પરથી તેમનાં ભજનોનું મૂલ્ય વાચકવર્ગને જણાયા વિના રહેશે નહિ. શ્રી ઈશ્વર પેટલીકરે 'સ્ત્રી' સાપ્તાહિકમાં 'મા' સર્વેશ્વરીનો વિસ્તૃત પરિચય આપતાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે. તેમના આધ્યાત્મિક અનુભવો સાંભળી સહુ કોઈને માન પેદા થાય છે એટલું જ નહિ પણ તે વંદન કર્યા સિવાય રહી શકતો જ નથી એવા પ્રકારની ભાવની ભરતીનો અનુભવ થાય છે.

પ્રભુનો પંથ તો પાવકની જ્વાળા જેવો દુષ્કર ગણાય. એ પંથે શૂરવીર જ પ્રયાણ કરી શકે. સ્ત્રીઓ તો શું પણ પુરુષો પણ આ પંથે પ્રયાણ કરી શકતા નથી. મોટા મોટા ઋષિમુનિઓની કસોટી થઈ જતી હોય તો સામાન્ય પુરુષનું તો શું ગજું ? તેથી જ્યારે એક મહિલા પ્રભુપંથે પ્રયાણ કરે અને સફળતાની મંઝિલ સર કરે ત્યારે કોને ગર્વ ન થાય ? છતાં જાહેરમાં આવકારતાં અને તેનું ગાન કરતાં સામાન્ય જનસમૂહ ઘણીવાર સંકોચ અનુભવે છે. કેટલીક લૌકિક માન્યતાઓ નડતરરૂપ બનતી હોય

છે. સંબંધીઓને સંબંધની દિવાલ નડતી હોય છે. ટીકા, કૂથલી, ગંદી વાતનો પ્રચાર એ સામાન્ય રીતે લોકોને ગેરરસ્તે દોરનારાં પરિબળો છે. જોકે લૌકિક વાતોને બુદ્ધિજીવી માણસ મહત્ત્વ આપતો નથી, છતાંય એવી વાતોથી જનસમૂહનું માનસ અવશ્ય દૂષિત બની જાય છે. તે કારણે જનસમૂહ પોતાની વચ્ચે રહેનારાં જાજ્વલ્યમાન રત્નોને પારખવામાં પાછળ રહી જાય છે. આ દૃષ્ટિએ શ્રી પેટલીકરે મા સર્વેશ્વરીના ભાગવતી સ્વરૂપને પારખી સાચો પરિચય કરાવ્યો તેથી આપણે આભારી બન્યા છીએ.

આજે તો સમસ્ત ગુજરાતમાં તેમનું જગદમ્બા સ્વરૂપ વ્યાપક બનતું જાય છે સૂરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, મોરબી, પાલનપુર વગેરે શહેરોમાં લોકો સન્માને છે અને પૂજાર્હ ગણીને પ્રણામ કરે છે. બુદ્ધિજીવી વર્ગના પ્રતિનિધિ જેવા વકીલો, પ્રાધ્યાપકો, ઈજનેરો અને ડૉક્ટરો પણ તેમનાં આવાં સ્વરૂપથી પ્રભાવિત બને છે. તેમને પ્રણામ કરવામાં તેઓ ખચકાટ અનુભવતા નથી. તેમના સ્થૂળ દેહને નહીં પણ તેમનામાં પ્રફુલ્લિતપણે વિલસી રહેલ મા ભગવતીના સ્વરૂપને તેઓ સહુ વંદે છે, આનંદમયી મા, ગોદાવરી માતા, યોગિની દેવી, ગીતા ભારતી, ઉમા ભારતી જેવાં મહિલા સંતો આધ્યાત્મિક ક્ષેત્રે મૂલ્યવાન સેવા આપી રહ્યાં છે. મા સર્વેશ્વરી તેઓમાં પ્રમુખસ્થાને રહે એવી આશા જાગે છે. અંતે, શ્રી પેટલીકરના વચનને યાદ કરી આ લેખ પૂરો કરું છું, ''હવે બહારનું ક્ષેત્ર સ્ત્રીઓ માટે ખુલ્લું થયું છે એટલે અંતઃપ્રેરણાથી 'મા' સર્વેશ્વરી જેવી સ્ત્રીઓ સાધના દ્વારા પ્રેરક બની રહે તેવું ગુરુસ્થાન લેતી થશે.''

**—શ્રી પરમાર્થી**



# ॥ પિતાજીનો પ્રેરકપત્ર ॥

['મા' સર્વેશ્વરી રાજીનામું આપી પૂ.શ્રી પાસે આવ્યાં ત્યારે એમના પિતાજીએ લખેલો પત્ર. જેનો કેટલોક ભાગ વાચકોને પણ પ્રેરણા આપે એવો છે. તેથી એ મૂક્યો છે.]

ચિ. સરોજ

તારો લાંબો પત્ર મળ્યો. એ તો મેં જાણેલું કે પૂ.શ્રી યોગેશ્વરજીની તબિયત હાર્ટઍટેકથી અસ્વસ્થ છે. અને તેમની સેવામાં તું રજા લઈને રહેવા માગે છે.

નોકરી તો સરકારી તેમજ સંસ્થાકીય નિયોને આધીન રહીને જ કરવાની હોય છે. નોકરીમાં જોડાઈએ એટલે ગમે એટલું પવિત્ર કામ હોય તો ય નિયમો પ્રમાણે ચાલીએ તો જ થાય એ નિયમોને આધીન ન રહેવાતું હોય તો છૂટા થવું જ યોગ્ય ગણાય.

મેં ઘણીવાર ચર્ચા દરમ્યાન કહ્યું હતું કે સનાતન ધર્મમાં નારી શરીરધારી સાધકને માટે કોઈ સાધનાસ્થળો કે આશ્રમો નથી. જૈન ધર્મમાં છે એ ધર્મમાર્ગમાં આપણને શ્રદ્ધા નથી. એમાં ઘણાં ભયસ્થાનો પણ છે અને આપણને એ અનુકૂળ નથી. સનાતન ધર્મ માર્ગમાં આપણને શ્રદ્ધા છે પણ એવું કોઈ નારીઓને યોગ્ય સ્થળ નથી, જ્યાં રહીને સાધના કરી શકાય. વિનોબાજીના બ્રહ્મવિદ્યા મંદિર કે ગાંધી વિચાર-ધારામાં રહી જ્ઞાન સાધના કે લોક-સેવા કરનારી બહેનો ત્યાં મર્યાદિત આશરો મેળવતી હશે. સનાતન ધર્મના અનેક પંથોએ પોતપોતાની સાધના અને ધર્મ

પ્રમાણેનાં ત્યાગી પુરુષો માટે આશ્રમો કર્યા છે. પણ સ્ત્રીઓ માટે કર્યા જાણ્યા નથી. તો સ્ત્રીઓએ અનુકૂળતા કરી લઈ કુટુંબ આશ્રમની સંનિધિમાં જ તપ, ત્યાગવાળું સાધનામય જીવન વિતાવવું જોઈએ એવી મારી માન્યતા છે.

સાધના માટેનો તપ, ત્યાગ, સંયમનો માર્ગ ભિખારી જીવનથી તો ન ચલાવાય. તેથી આપણે ત્યાં આ ઘરમાં બધી અનુકૂળતા અને સગવડ હોવા છતાં, સ્વાવલંબી જીવન જીવતાં જીવતાં આધ્યાત્મિક પ્રગતિ કરવા માટે શિક્ષિકાનું કામ પસંદ કરાયેલું. હવે એ તને અનૂકૂળ નથી તેથી છૂટા થવા સલાહ આપેલી.

શુદ્ધ સાધક જીવન જીવવા માટે નામ બદલવાની પણ શી જરૂર ? જીવનના અંત સુધી આપણે ખૂબ જ સંયમી પવિત્ર સહનશીલ નિસ્પૃહ રહી શકીએ એ માટે આપણે તપોમય જીવન વ્યતીત કરવાનું છે. એમાં આપણે જાહેરાત શી ? ભગવાનની પાસે યાચના છે કે આપણને એ માર્ગે સ્થિર ચાલવા શક્તિ આપે એ સતત પ્રાર્થના અને ભાવના છે.

મારા મત પ્રમાણે એ માર્ગ ઘણો કઠિન છે. વિરલા એને સંપૂર્ણ પાર કરે એ માટે જ તો તપ સંયમની ક્રિયા છે. રાજસ્થાનનાં મીરાંબાઈને ભક્તિ માર્ગે પ્રતિકૂળતા વચ્ચે રહેવાનું હતું. તારે તેવી પ્રતિકૂળતાઓ નથી.

તારે ભાઈબેન બીજા સગાંસ્નેહીઓની સંનિધિમાં એ માર્ગે ચાલતા રહેવું જોઈએ. વળી ધર્મગ્રંથોનો વ્યવસ્થિત અભ્યાસ પણ એક સાધનાનો માર્ગ છે, એમ ગણીને સ્વાધ્યાય પણ ચાલુ



રાખવો જોઈએ. એવી મારી લાગણી છે.

સંસારી-ગૃહસ્થી ધર્મ ન સ્વીકારતાં ત્યાગી જીવન-સાધ્વી જીવન જ સ્વીકાર્યું હોય તો તેની માનસિક વ્યથા ભોગવવી નહિ. મજબૂત મનથી આગળ ચાલવું. આવતાં વાદળાં વિખેરાઈ જશે. સહન કરવું. તિતિક્ષા રાખવી. નાની નાની વાતોથી આઘાત ન પામવું અને અમારી આસપાસ જ રહી લોકસેવા કરતાં રહી પાર ઉતરી જવા હિંમત રાખવી. આજના જમાનાને અનુરૂપ તે માટે મદદરૂપ થવા આપણા બધા જ સગાંવ્હાલાંઓ તત્પર જ હશે. અને છે. વિશેષ તો રૂબરૂ.

લિ. બાપુજીના આશિષ.

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ પિતૃતર્પણ ॥

છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ,
દેવોના ધામ જેવું હૈયું જાણે હિમાલય.
શું શું સંભારું ને શી શી પૂજું પુણ્યવિભૂતિયે ?
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.
નથી આશા વિના આયુ, નથી ડાળી વિના ફૂલ,
નથી પૃથ્વી વિના પાયો, નથી માતા વિના કુલ !
પિતૃદેવો ભવ પ્રાજ્ઞ ! માતૃદેવો ભવ પ્રિય !
સર્વે કુલાશ્રમો નિત્યે હજો એ ભાવનામય.

**—કવિશ્રી ન્હાનાલાલ**

## ॥ પિતાજીનું પુણ્ય સ્મરણ ॥

અમારા આજના આધ્યાત્મિક જીવન પાછળ બે વિશેષ વંદનીય વ્યક્તિનું ઘડતર મળ્યું છે. જન્મ આપનાર માતાપિતાએ ધાર્મિક સંસ્કારોનું બીજારોપણ કરેલું અને એ બીજમાંથી નવજીવનની આધ્યાત્મિક સૃષ્ટિનું સર્જન પૂ.શ્રી યોગેશ્વરજી જેવા સર્વોત્તમ સર્જકે કર્યું.

એ બંને વ્યક્તિ આજે સ્થૂળ દેહે અમારી વચ્ચે નથી. હમણાં જ તા.૨૩/૧૦/૮૫ને વિજ્યા દશમીના પવિત્ર પર્વે નાનકડી માંદગી ભોગવી ૮૬ વર્ષની તંદુરસ્ત વયે અમેરિકાની યાત્રા દરમ્યાન અમારા પિતાજીએ ચિર વિદાય લીધી.

પિતાજીના પુણ્ય પ્રયાણ પાછળ એમનાં પ્રેરક સ્મરણો વાગોળવાની ભાવના સહજ થાય.

જે ઘરમાં અમે આંખ ઉઘાડી તે ઘર દરરોજ પ્રભાતે નિયમિત રીતે બે ત્રણ કલાક સુધી સંસ્કૃત મંત્રોચ્ચાર, નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં અને સુરદાસનાં પદોથી ગુંજી ઉઠતું. અમારા પિતાજીનું મધુર કંઠનું એ ગુંજન ઋષિમુનિઓનું સ્મરણ કરાવે એવું હતું.

એમના એ નિત્યક્રમ પછી સૂર્યોદય થતાં પહેલાં અમને જગાડતા ત્યારે પણ નીચેની પંક્તિઓ અમને જગાડવા માટે ગાતા :–

"કોણ અમોને રાતે મીઠી નિંદમહીં પોઢાડે,
તું વિણ દેવા કોણ અમોને મધુરે સાદ જગાડે,
કોટિ કોટિ ઉપકારો તારા કઈ વાણીમાં ગાઉં,
આંખો મીંચી તને પિતા હું લાખો વંદન કરું."



પિતાજી પીઠ ઉપર બેસાડીને લઈ જાય તો જ ઊઠવું એવી અમારી જીદ પણ તેઓ પૂરી કરતા અને અમે પિતાજીના ખભે ચઢીને વાડામાં જતાં, ગરમ પાણી કરવાના ચૂલા પાસે પિતાજીના ખોળામાં જ બેસતાં ત્યારે શાંતાકારમ્, પ્રાતઃસ્મરણ, કર ચરણકૃતમ્ વા એ બધા જ શ્લોકો ગવડાવીને મુખપાઠ કરાવતા. વળી તે દરમ્યાન દાતણ ધોઈને જ મોઢામાં કેવી રીતે ઘસવું ત્યાંથી માંડીને કુદરતી હાજત પછી હાથપગ રાખથી કે માટીથી કેવી રીતે, કેટલી વાર ધોવા એ બધી જ સ્વચ્છતાની તાલીમ સવારના પ્રહરમાં એઓ આપતા.

પછી સ્નાન કરી દેવસ્થાને પ્રણામ કરી, ઘરનાં સૌ વડીલોને પ્રણામ કરીને જ ફળિયામાં રમવા જવાની રજા મળતી. જીવન ઘડતરના એ પવિત્ર પ્રસંગો અમારી છ સાત વર્ષની ઉંમરે અનુભવેલા, જે આજે ખૂબ ઉપયોગી ઠર્યા છે.

નવ વરસની નાનકડી ઉંમરે કપુરાથી ૮ કિ.મી. દૂર વ્યારાની શાળામાં શિક્ષણ લેવા ત્યાં જ રહેવાનું બન્યું, ત્યારે દર શનિરવિ કપુરા આવવાનું. પિતાજી ઘોડાગાડીમાં લેવા અને મૂકવા આવે ત્યારે આઠ કિ.મી.ના એ માર્ગે નીચેની પ્રેરક કાવ્ય પંક્તિઓ મોઢે કરાવતા અને સમજાવતા.

"છે માનવી જીવનની ઘટમાળ એવી
દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી"
"સુખ સમયમાં છકી નવ જવું
દુઃખમાં ન હિંમત હારવી;
સુખ દુઃખ સદા ટકતા નથી
એ નીતિ ઉર ઉતારવી"

વળી દરરોજ રાતે સમૂહપ્રાર્થના નિયમિત રીતે સૌ સભ્યો સાથે બેસીને કરતાં, જેમાં ગીતાપાઠ, આરતી, મીરાં તુલસી કે સૂરદાસનું એક પદ, ધૂન અને છેવટે 'સીયાવર રામચંદ્રની જય' સાથે પ્રાર્થના પૂર્ણ થતી; ત્યારે પણ સૌને નમસ્કાર કરી ફરીથી પિતાજીની પાસે બેસી જવાનું અને રામાયણ-વાંચનમાં તુલસીદાસની ચોપાઈઓ ગાતાં શીખવાની અને સમજવાની. એ પ્રવૃત્તિ પિતાજી એક સંસ્કારી શિક્ષકની જેમ કરતા.

ચોમાસાના દિવસોમાં ભાગવત કે રામાયણ વાંચીને સમજાવવાનું નિયમિત રાખતા. જીવનના અંત સુધી એમણે વર્ષો સુધી દર ચૈત્ર માસમાં તુલસીકૃત રામાયણનું નવ દિવસનું પૂર્ણ પારાયણ કરવાનો નિયમ પાળ્યો. શરીર સાથ ન આપે તો ટેકો દઈને પણ એ સત્કર્મ એમણે ચાલુ રાખ્યું.

કેળવણીક્ષેત્રે એમનો રસ અદ્ભુત હતો. પંદર સોળ વરસની ઉંમરે બનારસ જઈ સંસ્કૃતનો ઊંડો અભ્યાસ એમણે કરેલો. વળી બંગાળમાં પણ તેઓ રહેલા, જેથી એ ભાષાનો પણ એમને પરિચય અને પ્રેમ હતો. એ જ રીતે હિન્દી-ગુજરાતી અને સુરત જીલ્લાની આદિવાસી ભાષા ઉપર પણ એમનું પ્રભુત્વ હતું. અમારા કોલેજકાળ દરમ્યાન લખાયેલા પત્રો રજામાં ઘરે આવીએ ત્યારે બતાવતા. એમાં જોડણી અનુસ્વાર કે વિરામચિહ્નોની ભૂલો સુધરાવતા. ઉચ્ચારશુદ્ધિ માટે પણ તેમનો ખૂબ આગ્રહ રહેતો. સ્ત્રીકેળવણી જરૂરી છે, એ વાતનો સ્વીકાર એમના સુધારાવાદી માનસે ક્યારનો કરી લીધેલો. પરિણામે બધા સંતાનોને એમણે કેળવણી આપી.



એમનો અતિથિપ્રેમ ન્યાતજાતના ભેદભાવ વિનાનો અદ્ભુત હતો. મુસ્લિમ, હરિજન કે બ્રાહ્મણ સૌ કોઈ એ ઘરમાં એક સરખો આદર પામતા અને સૌ ભોજન કરીને જ જાય એવો એમનો આગ્રહ રહેતો. પરિણામે સર્વોદયવાળાની પાંચસો માણસોની પદયાત્રા હોય કે સ્વરાજની લડત વખતે ગામની સભા હોય કે પંચાયતશાળા કે જંગલમંડળીમાં આવેલો કોઈપણ અધિકારી વર્ગ હોય તે સૌને આ જ ઘરમાં ભોજન લેવાનો રિવાજ અમારા પિતાજીએ પાળેલો. ખેડૂત સહકારી જીન, ગ્રામ પંચાયત, ગાંધી આશ્રમ વેડછી, જંગલ મંડળી જેવી અનેકવિધ સંસ્થાઓમાં સેવાક્ષેત્રે તેઓ જોડાએલા. પરિણામે વર્ષોથી અમારું એ ઘર જાણે કે અન્નક્ષેત્ર બનીને સેવા આપતું.

પૂ.શ્રી યોગેશ્વરજીની ૧૯૭૮ની કપુરાની પ્રથમ મુલાકાત સમયે પણ પૂ.શ્રી સાથે કેટલાંય ભાઈબહેનોને પિતાજી ભોજન લેવા બેસાડતા. એમના એ અતિથિપ્રેમ વિષે '"સર્વેશ્વરી" એક પરિચય' પુસ્તકમાં પૂ.શ્રી યોગેશ્વરજીએ પ્રકાશ પાડ્યો છે.

હરિ ૐ આશ્રમમાં જવાનું બને ત્યારે પણ એમના આશીર્વાદ અમને અવશ્ય મળતા. અમારી એ પ્રવૃત્તિથી એમને સંતોષ હતો. શાળામાંથી છૂટાં થઈ પૂ.શ્રીની છત્રછાયામાં બેઠાં ત્યારે અમને તેમણે એક પ્રેરક પત્ર લખેલો જેમાંથી થોડો ભાગ 'અધ્યાત્મ'માં મૂક્યો છે.

આવા સંસ્કારપ્રેમી પિતાજીને અમારા વારંવાર વંદન.

"સ્વીકારી લેજો આજ પ્રણામ પિતા તમે પ્રેમ ધરી,
ધરજો આશિષ અમ પર આજ જ્યાં હો ત્યાંથી તમે."

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ કર્પૂરવનમાં 'રામચરિતમાનસ' પારાયણ ॥

(પૂ.શ્રી'મા'ના દિવ્ય-મધુર સ્વરમાં)

બાળપણમાં જે આદર્શ માતા-પિતાએ પૂ.'મા' સર્વેશ્વરીને રામાયણની રસલહાણ ધરી, તે મંદિર જેવા પવિત્ર ઘરમાં જ પૂ.શ્રી યોગેશ્વરજી રચિત પદ્યાનુવાદ 'રામચરિતમાનસ'ના પારાયણનો કાર્યક્રમ તા.૨૨/૩/૮૫ થી ૩૦/૦૩/૮૫ના દિવસોમાં ગોઠવાયો; જે કપૂરાનો 'મંગલ મહોત્સવ' બની રહ્યો.

ગુજરાતના ગોકુળ જેવા એ નાનકડા સુખી સંપન્ન, સુશિક્ષિત ભક્ત સમાજના કપૂરા ગામમાં પૂ.'મા' સર્વેશ્વરી પોતાનાં માતાજીની બીજી પુણ્યતિથિ નિમિત્તે પધાર્યાં. અમને પણ એ નિમિત્તે પારાયણના કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ મળ્યું હોવાથી અમે પણ ત્યાં પહોંચી ગયા.

તા.૨૨ માર્ચ સવારે ૮.૦૦ વાગે પારાયણનો શુભારંભ થયો. કપૂરાના જ્ઞાની ભક્ત પુરુષ અને શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી ઈશ્વરભાઈની ઇચ્છા અને સૂચના અનુસાર પૂ.શ્રી યોગેશ્વરજીએ રચેલા એ 'રામચરિતમાનસ'ના પુસ્તકને સન્માનપૂર્વક લઈ જવામાં આવ્યું. પૂ.શ્રી યોગેશ્વરજી જ્યાં નિવાસ કરતા ત્યાં જ પૂ.'મા'નો ઉતારો હતો. તે 'દિવાળી સદન'થી પોથીયાત્રા શરૂ થઈ. યાત્રામાં આગળ પુરુષવર્ગ હતો સાથે ગામની ભજનમંડળી કીર્તન કરતી હતી. મધ્યમાં સુશોભીત મોટરકારમાં પૂ.શ્રી યોગેશ્વરજી તથા ભગવાન શ્રી રામ તથા શ્રી હનુમાનજી તસ્વીરસ્વરૂપે બિરાજમાન હતા. મોટરકારની પાછળ જ પૂ.'મા' સર્વેશ્વરી ખુલ્લા પગે શાંતિથી ચાલતાં હતાં.



તેમની પાછળ યજમાન પરિવારના શ્રી ગંગાબેન ખૂબ આદર-ભાવથી માથા ઉપર પોથી મૂકી ચાલતાં હતાં. સાથે ગામની બેનો સુંદર ભજનો ગાતાં ગાતાં યાત્રામાં ચાલતી હતી.

પોથીયાત્રા પૂ.'મા'ના પિતાજીના ઘરે પહોંચી ત્યારે પ્રણાલિકા મુજબ પૂ.શ્રી તથા પૂ.'મા'નું તથા પોથી સહિત સૌ દેવોનું ચંદન-પુષ્પહારથી પૂજન તથા શ્રીફળથી સ્વાગત કરવામાં આવ્યું.

એ પવિત્ર મંદિર જેવા ઘરનો આગળનો ભાગ હૉલ જેવો જણાયો. દેવસ્થાન પણ ત્યાં જ હતું. તે દેવસ્થાનની પાસે પૂ.'મા'ની બેઠક હતી. બે વર્ષ પહેલાં પૂ.શ્રી યોગેશ્વરજીએ આ જ ઘરમાં આ જ આસન પરથી મૃત્યુ ઉપર મનનીય વાર્તાલાપ આપ્યા હતા. એ જ ઘર અને એ જ આસન ઉપરથી પૂ.'મા' સર્વેશ્વરી યોગેશ્વરજીનાં સ્વપ્નાંને સાકાર કરવા રામાયણના પારાયણનો પ્રારંભ કરશે. પૂ.'મા'એ પ્રણામ કરીને પોતાની બેઠક લીધી. યાત્રામાં ભાગ લેનાર સૌ હૉલમાં ગોઠવાઈ ગયા.

પૂ.'મા'એ પ્રારંભ કરતાં પહેલાં પૂ.શ્રી યોગેશ્વરજી રચિત 'વંદન રઘુવર દશરથનંદન...'ની સ્તુતિ ગવડાવી. ભગવાન રામની ધૂન ગવડાવી, ત્યારબાદ ગુરુવંદના કરી પૂ.'મા'એ પોતાના પૂ.માતુશ્રીને અંજલિ આપી અને પિતાજીના આશીર્વાદ લેવા માટે બેઠક ઉપરથી ઊભાં થયાં. ફરીથી ગુરુદેવ સહિત દેવસ્થાનને પ્રણામ કરી પૂ.'મા' તેમના પિતાજી પાસે પહોંચ્યાં. પિતાજીને સાષ્ટાંગ પ્રણામ કરી, આશીર્વાદ લઈ, પૂ.'મા'એ પારાયણમાં ભાગ લેનાર સૌ ભાઈ-બેનોને પ્રણામ કર્યા. તે સમયે યોગાનુયોગ કપૂરાના જ એક સંતપુરુષ પૂ.શ્રી રાધામોહનદાસજી પણ વૃંદાવનથી પધાર્યા હતા. તેમને પણ પૂ.'મા'એ પ્રણામ કર્યા.

પછી પોતાની બેઠક લીધી. પૂ.'મા'ની સૂચનાથી શ્રી રાધામોહનદાસજીએ પણ આશીર્વચનો કહ્યાં અને પૂ.'મા'એ પૂ.શ્રી યોગેશ્વરજીની ચાર લીટીની આરતી ગવડાવી. ત્યારબાદ ખૂબ ભક્તિભાવથી પૂ.'મા'એ દિવ્ય ધ્વનિ સાથે ભગવાનનો જયકાર કરાવ્યો.

જય જય યોગેશ્વર ભગવાન
જય જય રામચંદ્ર ભગવાન
જય જય પવનસુત હનુમાન.

એ પવિત્ર ધૂનના શબ્દોથી વાતાવરણ બહુ જીવંત ને પવિત્ર લાગવા માંડ્યું. જાણે પૂ.શ્રી યોગેશ્વરજી તસ્વીરમાંથી દિવ્યરૂપે કૃપાદૃષ્ટિ વરસાવતા હોય એવો સહજ અનુભવ અમને સૌને થયો.

પારાયણના એ નવ દિવસો દરરોજ ત્રણ બેઠકમાં વહેંચાયેલા હતા. પહેલી બેઠક સવારે ૯ થી ૧૧, બપોરે ૨ થી ૪ અને રાત્રે ૭.૩૦ થી ૯.૩૦ ની રહી.

તા. ૧લી માર્ચથી ૩૧ માર્ચ સુધી પૂ.'મા'નું ફક્ત પાણી ઉપરનું વ્રત ચાલુ જ હતું. પારાયણ દરમ્યાન સતત છ છ કલાક બુલંદ અવાજે ગાવું અને જનકલ્યાણાર્થે વચ્ચે વચ્ચે સમજાવતાં જવું એ બધી પ્રવૃત્તિઓ ચાલુ જ હતી. છતાં પૂ.'મા'ની સ્ફૂર્તિ, તેમની અમૃતવાણી ખૂબ જોશીલી અને દિવ્ય લાગતી હતી. ક્યાંયે પણ ઉપવાસનો અણસાર સરખો લાગતો નહોતો. પ્રભુની એ દિવ્ય શક્તિને વંદન હો. પૂ.શ્રી યોગેશ્વરજીની પૂર્ણ કૃપા પૂ.'મા'ના જીવન ઉપર ઊતરી હોય એવું અનુભવવા મળ્યું.

નવ દિવસના એ પારાયણમાં સમય ઘણો ઝડપથી વહી ગયો. પૂ.'મા'ની સાથે સૌ કોઈ સમૂહપાઠ કરતાં. વળી પૂ.'મા' દરેક પ્રસંગે ટૂંકમાં સમજાવતાં ત્યારે તો સૌ કોઈ ભક્તિરસમાં



ડૂબી જતાં. વળી પારાયણ વાજીંત્રો સાથે થતું હોવાથી મધુર અને કર્ણપ્રિય સંગીતનો સુભગ સમન્વય પૂ.'મા'ના સૂરીલા કંઠ સાથે થવાથી મંગલ મહોત્સવ જેવું વાતાવરણ સહુ અનુભવતા.

પારાયણમાં ભાગ લેનારા ભાઈબેનોના ભોજનની વ્યવસ્થા પૂ.'મા'ના પિતાજીના ઘરે જ હતી. એ પરિવારના યજમાન શ્રી ગંગાબેન ખૂબ પ્રેમ અને ભક્તિભાવથી દરરોજ મિષ્ટાન્ન સહિતનું ભોજન પોતે જ બનાવતાં અને અન્નપૂર્ણાની જેમ સૌને તૃપ્તિ કરાવતાં. ભોજન સમયે ધૂન ગવડાવવામાં આવતી અને શ્લોકો સાથે નમઃ પાર્વતી પતયે, હર હર મહાદેવના ધ્વનિથી દરરોજ ભોજન શરૂ થતું, ત્યારે પૂ.'મા' ત્યાં પ્રત્યક્ષ હાજર રહીને સૌથી વ્યક્તિગત કાળજી લેતાં.

ઘણીવાર પૂ.'મા' બપોરની બેઠક પછી દિવાળી સદનના ઉતારા ઉપર બહારગામથી આવેલા ભાઈબેનોને લઈ જતાં અને ત્યાં પૂ.શ્રી યોગેશ્વરજીના પ્રવચનની કૅસેટો સંભળાવતાં. ત્યારે દિવાળી સદનના યજમાન પણ અમને અચૂક અલ્પાહાર કરાવતા. ત્યાંથી પૂ.'મા' પોતાના પિતાજીની વાડીએ પણ લઈ જતાં, ત્યાં વાડીમાં પણ વિવિધ ફળો સાથે અલ્પાહાર કરાવી, સત્સંગમાં ધૂન, વાર્તાલાપ તથા સુશીલાબેનના મધુર કંઠે વિવિધ ભાષાનાં ભજનોનો લાભ પણ અપાવતાં.

બહારગામથી પધારેલાં ૧૫૦ ભાઈબહેનોનો ઉતારો શ્રી ઈશ્વરભાઈને ત્યાં જ રાખવામાં આવ્યો હતો. શ્રી ઈશ્વરભાઈ તથા શ્રી મણીબેને અમારા સૌની વ્યક્તિગત સંભાળ લઈ ખૂબ પ્રેમપૂર્વક 'અતિથિ દેવો ભવ'ની ભાવના જીવંત કરી બતાવી હતી. અમારા ઉતારા ઉપર રાત્રે શ્રી ઈશ્વરભાઈની જ્ઞાન, ભક્તિ અને યોગની વાતો પણ સાંભળવા મળતી. નવ નવ દિવસની

અમારી સરભરા ખૂબ પ્રેમપૂર્વક એ પરિવારે કરી તે જીવનભર ભૂલાશે નહિ.

પારાયણની પૂર્ણાહૂતિ પ્રસંગે બહારગામથી પણ ઘણી મોટી સંખ્યામાં ભાઈબેનો પધાર્યાં હતાં. તેમાંના કેટલાક ભાઈબેનોએ આભારદર્શનમાં પણ ભાગ લીધો. અંતિમ દિવસે પણ પોથીયાત્રા ‘દિવાળીસદન’ પહોંચી ત્યારે કપૂરા ગામના સ્વામીનારાયણ મંડળના યુવાન ભાઈઓએ ખૂબ પ્રેમપૂર્વક પોતાની ભજનમંડળી સાથે પોથીયાત્રામાં ભજનો ગવડાવ્યાં. ‘દિવાળીસદન’માં પોથીયાત્રા પરિસમાપ્તિ પર પહોંચી ત્યારે પૂ.‘મા’એ કપૂરાની ધરતીનું ઋણ વાળી શકાય નહીં એવું કહી ગામના વડીલવર્ગ પાસે આશીર્વાદ અને શુભેચ્છાની માગણી કરી, પ્રણામ કરી, કાર્યક્રમ પૂર્ણ કર્યો.

પારાયણના આ પ્રથમ પ્રસંગે પૂ.‘મા’નાં દર્શનનો અને સત્સંગનો લાભ લેવા કચ્છ-ભૂજ, મોરબી, વિદ્યાનગર, વડોદરા, ભરૂચ, વલસાડ, સિલવાસા, નેત્રંગ, નનસાડ, સુરત, બારડોલી, બાજીપુરા, શ્યાદલા, માસમા વગેરે ગામોથી ભાવિક ભક્તો આવ્યા હતા. તો કૅનેડાથી આવેલા શ્રી સુરેશભાઈ પરીખ પણ પધાર્યા હતા.

કપૂરાની એ પવિત્ર ધરતીને પૂ.શ્રી યોગેશ્વરજી ‘ગોકુળિયું’ નામ આપતા તે ખરેખર અમને પણ સૌને યથાર્થ લાગ્યું. રોજ રોજ નવા અતિથિઓ આવતા. સૌનું પ્રેમભક્તિથી સ્વાગત થતું. એ બધું જ જોવાનું, અનુભવવાનું માણવાનું સદ્‌ભાગ્ય જેને પણ મળ્યું, તે સૌ ધન્ય થઈ ગયા.

**–શ્રી હરેન્દ્ર પાઠક**



## ॥ ‘સ્વર્ગારોહણ’માં ‘રામચરિતમાનસ’ પારાયણ ॥

(પૂ.શ્રી‘મા’ની નિશ્રામાં ગ્રંથઉઘાડ-ચૈતન્યઉઘાડ)

[‘સ્વર્ગારોહણ’માં શતયોગવંદનમ્ પર્વની ઊજવણીનું સાતત્ય જાળવવા પૂજ્યશ્રી‘મા’ સર્વેશ્વરીએ સપ્ટેમ્બરમાં તા.૧૭ થી ૨૪ તારીખ, પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીરચિત ‘રામચરિતમાનસ’નું પારાયણ યોજ્યું. આની વિશેષતા એ રહી કે, સ્વયં ‘મા’ આમાં સન્મુખ આસન ગ્રહી, સહયોગી સહભાગી રહ્યાં; અલબત્ત આ તેમનું ૩૧મું પારાયણ હતું. જેથી પારાયણ અધિક રસમય, ચૈતન્યવંતું ને સાર્થક બની ગયું.

પારાયણની પૂર્વશરત એ હતી કે; ‘જે ૯ દિવસ રામાયણ પારાયણમાં ભાગ લેવાનાં હોય તે વરસતા વરસાદમાં પણ કુટિયામાં જઈને એક પ્રણામ કરે અને પારાયણ પૂર્ણ કરવા આશીર્વાદ માગે.’—આપણા પ્રેમમયી ‘મા’ જ આવો પ્રેમનીતરતો પ્રેમાદેશ આપી, શ્રીહરિનો મહિમા અને ભક્તની વિનમ્ર શ્રદ્ધાનું અનોખું વાયુમંડળ રચી આપી; એક વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતિ માટે આપણને તૈયાર કરે, અધિકારી બનાવે.]

તા.૧૭/૦૮/૨૨ની સવારે ૧૦ વાગ્યે ‘પારાયણ’ના શુભારંભે પૂ.શ્રી‘મા’એ સ્લેટ પર જે લખ્યું એ બહુ જ સૂક્ષ્મ માર્મિક, નોંધપાત્ર હતું :

શ્રી તુલસીદાસે ‘રામાયણ’ની રચના કરી. પૂજ્યશ્રીએ એ ગ્રંથને સરળ, લોકભોગ્ય બનાવી, આપણા હાથમાં મૂક્યો છે. ખૂબ શાંતિથી, ધ્યાનથી ગાશો કે વાંચશો તો બધું જ સરળતાથી

સમજાઈ જશે. કોઈને સમજાવવાની જરૂર જ નહિ પડે.

ગ્રંથારંભે શ્રી તુલસીદાસજી સર્વ દેવદેવીઓની પ્રેમથી વંદના કરે છે. પણ પછી સ્પષ્ટ કરે છે : 'હું રામકથાની રચના કરવા જઈ રહ્યો છું તો સજ્જનોને તો વંદન કરું જ છું. પણ જે કારણ વિના બીજાનું બગાડવાનો વ્યાપાર કરે છે એવા દુર્જનોને પણ ખરા ભાવથી વંદન કરું છું.'

ત્યારબાદ વિનમ્રતાથી કહે છે : 'હું કવિ નથી. કવિતા કરવાનું કૌશલ પણ નથી જગતમાં જે બધા ઠગ ભક્તો છે, તેમાંનો એક હું પણ છું.' આ શબ્દોમાં ભક્તની ભૂમિકા ઉપરથી ભક્તે કેવા નમ્ર રહેવું જોઈએ તે જાણે એ શીખવી રહ્યા છે.

સૌ રામકથા સાથે મળીને આ રીતે ગાશે તો ૯ દિવસમાં તો તે પૂર્ણ પણ થઈ જશે.

(તરણા ઓથે ડુંગર, ડુંગર કોઈ દેખે નહિ. તરણા જેવું શરીર ને તેની પાછળ ડુંગર જેવો આત્મા, એ દેખાતો નથી.)

પરદા પર પારાયણ જોઈએ ને જાતે માણીએ તેમાં કેટલો બધો ફેર !

'ચાલો, હવે 'ભગવાન રામને મળીએ.' આ 'રામાયણ' રામની પ્રસન્નતા માટે છે. સમજાય કે ન સમજાય. મંત્રજાપ કરતાં રહેવું. 'ૐ રામાય નમઃ ।' દેહ છોડીએ ત્યારે ઊંચકનારા 'રામ બોલો, ભાઈ રામ' બોલે એના કરતાં આપણે જ 'ૐ રામાય નમઃ' બોલી લઈએ.

રામમય થવા રામાયણ. આદર્શ જીવન જીવવા રામાયણ. સતત જપતા રહો મનમાં-'ૐ રામાય નમઃ ।'

✽



તા.૧૮/૦૮/૨૦૨૨ના રોજ 'રામચરિતમાનસ'ના પારાયણના દ્વિતીય દિને પૂ.શ્રી'મા'ની શ્રીકલમે અમૃતવચનો ઝરે છે :

'રામચરિતમાનસ' તો એક પેંડા જેવું મીઠું મધુર છે. એટલે ગમે ત્યાંથી ખાવ એ મીઠું જ લાગશે. ઉપરથી, નીચેથી, વચ્ચેથી ગમે ત્યાંથી વાંચો. એક એક પૃષ્ઠ કંઈક ને કંઈક નવું જ શીખવે છે.

અમારું સદ્‌ભાગ્ય હતું કે ગળથૂથીમાં પિતાજીએ રામાયણ શીખવ્યું. છેક નાનપણથી એક જ ચોપાઈ આજે ૭૯મે વર્ષે પણ કામ લાગે. 'હોઈ સોઈ જો રામ રચિ રાખા, કો કરી તર્ક બઢાવે સાખા'—જે રામે રચેલું છે તે જ થાય છે. તું તર્ક-વિતર્ક છોડી દે.

'અમારા પિતાજીએ પોતાના જીવનમાં અતિનિયમિત 'રામાયણ પારાયણ' કર્યું. જીવનની ગૂંચ માટે પણ 'રામાયણ' ગ્રંથ જ ! એના જ કોઈ પૃષ્ઠ પરની ચોપાઈમાંથી ગૂંચ ઉકેલતા. રામાયણ ઉપાડે ને જે પૃષ્ઠ ખૂલે તે વાંચે તો તેમાંથી જ ઉકેલ મળે. દરરોજ રાત્રે પ્રાર્થના પછી 'રામાયણ' ગાઈને સમજાવવાનું યજ્ઞકાર્ય બાળકો માટે કરતા. એવા સંસ્કારદાતા, રામભક્ત પિતા અમને પ્રસાદમાં મળ્યા.'

[અરે અહીં તો બધા દેવોનું સંમેલન ભરાયું છે ! આપણે એકલાં જ શા માટે પારાયણ કરીએ ? શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીશિવજી, બા, બાપુજી, પૂજ્યશ્રી સૌ કોઈ અહીં પારાયણ માટે પધાર્યાં છે. પારાયણ પૂરું થશે એટલે પ્રેમથી કર્પૂરવન કાલીમંદિરમાં કાયમ માટે રહેવા જશે. જ્યારે જ્યારે તેમને ત્યાં મળશો ત્યારે ત્યારે તમને યાદ આવશે અરે ! આ તો અમારા

પારાયણના પાર્ટનરો છે. દરેક સ્વરૂપ ચેતનતત્ત્વથી ઉભરાતાં હોય, આપણે એમને જગાડવાં પડે.]

✻

૧૮મીની રાત્રે ૧૧.૪૫ વાગ્યે પૂ.શ્રી'મા'ને ઉઘાડી આંખે થયેલું દર્શન તેઓશ્રીની શ્રીકલમે માણીએ :

'ગઈરાત્રે અમે જપ કરતાં બેઠાં હતાં. આંખ તો ખુલ્લી જ હતી. હૉલમાં જે મંદિર હતું તે અહીં ઓરડામાં પહોંચ્યું છે ! તેમાં પૂ.શ્રી તથા પૂ.માતાજી બિરાજે છે. મંદિરનો ઉપરનો ભાગ, ઘુમ્મટ સાથે જમણી બાજુ ગોળ નર્તન કરીને ફર્યો. સ્વરૂપ સાથે જ તે ફર્યો. ને પાછો આવી ગયો. ખૂબ ધ્યાનથી નિહાળ્યું. આ શું થઈ રહ્યું છે ? એવું માન્યું કે એમને અહીં રહેવું ગમ્યું હશે. ઉપર આ જ ઓરડામાં ઘણી ઘણી અનુભૂતિઓ થતી રહે છે. કલ્પના પણ ના હોય ને અચાનક ઉઘાડી આંખે એવાં દર્શનો થતાં રહે છે. એ દર્શનો પોતાની ચિરકાલીન અસર મન-અંતરે પાડતાં રહે છે. આ બધાં દર્શનો જગાડવા આવે છે. શતાબ્દીવર્ષે આવા પ્રસાદો ભાવે પણ છે.'

'આ મારગે કશું મફતનું મળતું નથી. મથો તો જ મળે.— આ તો ગઈરાતની તાજી અનુભૂતિ તમને વહેંચી.'

✻

**પૂજ્યશ્રી'મા'નું પ્રેમભર્યું સૂચન, ટકોર**

'રામાયણ'ના પારાયણમાં ગાતાં ગાતાં કશું ના સમજાય તો પણ 'રામમંત્ર' તો યાદ રહે. સમજાય પણ ખરો. દરેક પંક્તિને



અંતે કે પહેલાં 'રામ' બોલાય તો પણ પારાયણ સફળ ! રામને પધારવા માટેનું આ આમંત્રણ-પારાયણ છે. ઘરે જઈને એકબીજાને કહેવા માટે નથી કે, 'મેં તો રામાયણ પારાયણ કર્યું.' એવું ગૌરવગાન તો ભગવાન રામ મળે પછી કરાય.

એટલે પ્રત્યેક પંક્તિ એ 'આમંત્રણ-પત્રિકા' છે. પ્રત્યેક પંક્તિ પોકાર બની જવો જોઈએ. પ્રત્યેક શબ્દ એ ભગવાન રામને શોધવાની બૂમ બની જવી જોઈએ.

'ધ્યાનથી વાંચજો, ગાજો. પ્રેમથી આપણે જે જે ગાઈએ તે તે આપણે કાનથી સાંભળવાનું પણ છે. તેથી તે મન-અંતરે જડાઈ જશે.'

**—સંકલન : ડૉ. અરુણા ઠાકર**

'બાહેર ભીતર રામ હૈ, નૈનનકા અભિરામ !
જિત દેખું તિત રામ હય, રામ બિના નહીં કામ.
સભી મંત્રકા બીજ હૈય, રામ નામ તત સાર.
જે કો જન હિરદે ગરે, સો જન ઉતરે પાર
રામનામ સબ કોઈ કહે, ઠગ ઠાકુર અરુ ચોર.
ધ્રુવ, પ્રહ્‌લાદ સબ તર ગયે, એ હિ નામ કછુ ઓર.'

**—કબીરજી**